www.kamalamgujarat.com

Monday

26.10.2020

*Volume :5 * Issue No. 70

Email.: kamalamgujarat@gmail.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)





ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# મન કી બાતમાં દેશવાસીઓની અસાધારણ ઉપલબ્ધીઓ, આપણા દેશ, આપણી સંસ્કૃતિના અલગઅલગ પાસાંઓ વિશે આપ સૌ સાથે વાત કરવાની તક મળી:પ્રધાનમંત્રી




કમલમ દૈનિક,

વિજયાદશમી એટલે કે દશેરાનું પર્વ છે. આ પાવન અવસરે આપ સૌને અનેક અનેક શુભેચ્છા... દશેરાનું આ પર્વ અસત્ય પર સત્યની જીતનું પર્વ છે. પરંતુ સાથે જ, એક રીતે એ સંકટો પર ધૈર્યના વિજયનું પર્વ પણ છે. આજે આપ સૌ ખૂબ સંયમપૂર્વક જીવી રહ્યાં છો. મર્યાદામાં રહીને પર્વો, તહેવારો ઉજવી રહ્યાં છો, માટે જે લડાઈ આપણે લડી રહ્યાં છીએ તેમાં જીત પણ નક્કી છે. પહેલાં, દુર્ગા મંડપોમાં, માં ના દર્શન માટે એટલી ભીડ એકઠી થતી હતી, બિલકુલ મેળા જેવું વાતાવરણ રહેતું હતું. પરંતુ આ વખતે એવું નથી બની શક્યું. પહેલાં, દશેરાએ પણ મોટામોટા મેળા થતા હતા, પરંતુ આ વખતે તેમનું સ્વરૂપ પણ અલગ જ છે. રામલીલાનો તહેવાર પણ, કે જેનું બહું મોટું આકર્ષણ હતું, પરંતુ તેમાં પણ અંકુશ મૂકાયેલાં છે. પહેલાં, નવરાત્રીમાં ગુજરાતના ગરબાનો ગુંજારવ ચારે તરફ છવાયેલો રહેતો હતો, આ વખતે બધાં મોટાં મોટાં આયોજન બંધ છે. હજી આગળ પણ કેટલાંય પર્વ આવવાનાં છે. હમણાં જ ઈદ આવશે, શરદપૂર્ણિમા છે, વાલ્મીકી જયંતી છે. પછી, ધનતેરસ, દિવાળી, ભાઈબીજ, છઠી માતાની પૂજા છે, ગુરૂ નાનકદેવજીની જયંતી છે, કોરોનાના આ સંકટકાળમાં આપણે સંયમથી જ કામ લેવાનું છે. મર્યાદામાં જ રહેવાનું છે. આપણે જયારે તહેવારની વાત કરીયે છીએ, તે માટેની તૈયારીઓ કરીયે છીએ, ત્યારે સૌથી પહેલાં મનમાં એ જ થાય કે બજારે ક્યારે જવાનું છે ? શું શું ખરીદવાનું છે ? ખાસ કરીને, બાળકોમાં તો એનો વિશેષ ઉત્સાહ હોય છે, તહેવારોમાં આ વખતે નવું શું મળવાનું છે ? તહેવારોના ઉમંગ અને બજારની રોનક એક-બીજા સાથે જોડાયેલાં છે. પરંતુ આ વખતે તમે જયારે ખરીદી કરવા જાવ ત્યારે ''વોકલ ફોર લોકલ''નો પોતાનો સંકલ્પ ચોક્કસ યાદ રાખજો. બજારમાં સામાન ખરીદતી વખતે આપણે સ્થાનિક ઉત્પાદનોને પ્રાથમિકતા આપવાની છે. તહેવારોના આ હર્ષોલ્લાસ વચ્ચે આપણે લોકડાઉનના સમયને પણ યાદ કરવો જોઈએ. લોકડાઉનના સમયમાં આપણે સમાજના તે સાથીઓને વધુ નિકટતાથી જાણ્યા છે, કે જેમના વિના આપણું જીવન ખૂબ જ મુશ્કેલ બની જાત. સફાઈ કર્મચારી, ઘરમાં કામ કરનારાં ભાઈઓ-બહેનો, સ્થાનિક શાકભાજીવાળા, દૂધવાળા, ચોકીદાર, આ બધાંની આપણા જીવનમાં શું ભૂમિકા છે તે આપણે સારી રીતે અનુભવ્યું છે. મુશ્કેલ સમયમાં, તેઓ આપણી સાથે હતા, આપણાં બધાંની સાથે હતાં. હવે, આપણાં પર્વોમાં, આપણાં આનંદમાં પણ, આપણે તેમને સાથે રાખવાનાં છે. મારો આગ્રહ છે કે જે પણ રીતે શક્ય હોય, તેમને પોતાના આનંદમાં ચોક્કસ સામેલ કરજો. પરિવારના સભ્યની જેમ સામેલ કરજો, પછી તમે જોજો, તમારો આનંદ પણ કેટલો વધી જાય છે!...

આપણે આપણા એ ઝાંબાજ વીર સૈનિકોને પણ યાદ રાખવાના છે, જે આ તહેવારોમાં પણ સરહદે અડીખમ ઉભા છે. ભારત માતાની સેવા અને રક્ષણ કરી રહ્યા છે. આપણે તેમને યાદ કરીને જ આપણા તહેવાર ઉજવવાના છે. આપણે ઘરમાં એક દીવડો ભારત માતાનાં આ વીર દીકરા-દીકરીઓના સન્માનમાં પણ પ્રગટાવવાનો છે. હું, આપણા વીરજવાનોને પણ કહેવા માગું છું કે આપ ભલે સરહદે છો, પરંતુ પૂરો દેશ તમારી સાથે છે. તમારા માટે પ્રાર્થના કરી રહ્યો છે. એવી હર કોઈ વ્યક્તિ કે જેમના દીકરા-દીકરીઓ આજે સરહદ પર છે, તે પરિવારોના ત્યાગને પણ હું નમન કરૂં છું. જે દેશ સાથે જોડાયેલી કોઈને કોઈ જવાબદારીના કારણે પોતાના ઘરે નથી, પોતાના પરિવારથી દૂર છે, હું હ્રદયથી તેમનો આભાર વ્યક્ત કરૂં છું. મારા વ્હાલા દેશવાસીઓ, આજે જયારે આપણે લોકલ માટે વોકલ બની રહ્યા છીએ તો દુનિયા પણ આપણી લોકલ ચીજવસ્તુઓની ચાહક બની રહી છે. આપણી કેટલીયે લોકલ ચીજવસ્તુઓમાં ગ્લોબલ બનવાની બહુ મોટી શક્તિ છે. જેમ કે એક ઉદાહરણ છે - ખાદીનું. દીર્ઘકાળ સુધી ખાદી, સાદાઈની ઓળખ રહી છે, પરંતુ આપણી ખાદી આજે પર્યાવરણ અનુરૂપ કાપડના રૂપમાં ઓળખાવા લાગી છે. આરોગ્યની દ્રષ્ટિએ તે શરીર સાનુકૂળ કાપડ છે. બારમાસી કાપડ છે. અને આજે ખાદી ફેશનની અભિવ્યક્તિ ફેશન સ્ટેટમેન્ટ તો બની જ રહી છે. ખાદીની લોકપ્રિયતા તો વધી જ રહી છે, સાથે જ, દુનિયામાં અનેક જગ્યાએ, ખાદી બનાવાઈ પણ રહી છે, મેક્સિકોમાં એક સ્થળ છે ''ઓહાકા'', આ વિસ્તારમાં કેટલાંય ગામ એવાં છે, જયાં સ્થાનિક ગ્રામજનો ખાદી વણવાનું કામ કરે છે. આજે ત્યાંની ખાદી ''ઓહાકા ખાદી''ના નામથી વિખ્યાત બની ચૂકી છે. ઓહાકામાં ખાદી કેવી રીતે પહોંચી તે પણ ઓછું રસપ્રદ નથી. હકીકતમાં મેક્સિકોના એક યુવાન, માર્ક બ્રાઉને એક વાર મહાત્મા ગાંધી પર એક ફિલ્મ જોઈ. બ્રાઉન આ ફિલ્મ જોઈને બાપુથી એટલા પ્રભાવિત થયા કે તેઓ ભારતમાં બાપુના આશ્રમે આવ્યા અને બાપુ વિષે ઊંડાણથી જાણ્યુ – સમજ્યું. બ્રાઉનને ત્યારે અહેસાસ થયો કે ખાદી માત્ર એક કપડું નથી, પરંતુ એ તો એક પૂરી જીવન જીવવાની રીત છે. ગ્રામીણ અર્થતંત્ર અને આત્મનિર્ભરતાનું દર્શન તેની સાથે કેવી રીતે જોડાયેલું છે તે જાણી બ્રાઉન તેનાથી ખૂબ પ્રભાવિત થયા. અહીંથી જ બ્રાઉને નક્કી કર્યુ કે મેક્સિકો જઈને તેઓ ખાદીનું કામ શરૂ કરશે. તેમણે મેક્સિકોના ઓહાકામાં ગ્રામજનોને ખાદીનું કામ શીખવ્યું, તેમને તાલીમ આપી, અને આજે ઓહાકા ખાદી એક બ્રાન્ડ બની ગઈ છે. આ પ્રોજેક્ટની વેબસાઈટ પર લખ્યું છે **The Symbol of Dharma in motion** ''ગતિમાન ધર્મનું પ્રતીક''. આ વેબસાઈટ પર માર્ક બ્રાઉનનો ખૂબ રસપ્રદ ઈન્ટરવ્યુ પણ મળશે. તેઓ કહે છે કે શરૂમાં લોકોને ખાદીમાં શંકા હતી. પરંતુ છેવટે તેમાં લોકોની રૂચી વધી અને તેનું બજાર તૈયાર થઈ ગયું. તેઓ કહે છે, આ રામરાજય સાથે જોડાયેલી બાબતો છે, જયારે તમે લોકોની જરૂરીયાતો પૂરી કરો છો, તો પછી લોકો પણ તમારી સાથે જોડાતા જાય છે. દિલ્હીના કોનોટ પ્લેસના ખાદીભંડારમાં આ વખતે ગાંધી જયંતીએ એક જ દિવસમાં એક કરોડ રૂપિયાથી વધુની ખરીદી થઈ. એ જ રીતે કોરોનાકાળમાં ખાદીના માસ્ક પણ ખૂબ લોકપ્રિય બની રહ્યાં છે. આખા દેશમાં કેટલાંય સ્થળે સ્વસહાય જૂથો અને બીજી સંસ્થાઓ ખાદીનાં માસ્ક બનાવી રહ્યાં છે. ઉત્તરપ્રદેશના બારાબંકીમાં એક મહિલા છે - સુમનદેવીજી. સુમનજીએ સ્વસહાય જૂથની પોતાની સાથી મહિલાઓ સાથે મળીને ખાદીના માસ્ક બનાવવાનું શરૂ કર્યું. ધીરે ધીરે અન્ય મહિલાઓ પણ તેમની સાથે જોડાતી ગઈ. હવે તેઓ બધાં મળીને ખાદીનાં હજારો માસ્ક બનાવી રહ્યાં છે. આપણી સ્થાનિક ચીજોની ખૂબી છે કે તેની સાથે મોટાભાગે એક આખું દર્શન જોડાયેલું હોય છે. આપણને જયારે પોતાની ચીજવસ્તુઓ પર ગર્વ થાય છે, તો દુનિયામાં પણ તેના પ્રત્યેની જિજ્ઞાશા વધી જાય છે. જેવી રીતે આપણા આધ્યાત્મે, યોગે, આયુર્વેદે પૂરી દુનિયાને આકર્ષિત કરી છે. આપણી કેટલીયે રમતો પણ દુનિયાને આકર્ષિત કરી રહી છે. આજકાલ આપણું મલખમ્બ પણ અનેક દેશોમાં પ્રચલિત થઈ રહ્યું છે. અમેરિકામાં ચિન્મય પાટણકર અને પ્રજ્ઞા પાટણકરે જયારે પોતાના ઘરેથી જ મલખમ શીખવવાનું શરૂ કર્યું હતું, ત્યારે એમણે પણ ધાર્યું નહોતું કે તેને આટલી સફળતા મળશે. અમેરિકામાં આજે કેટલાંય સ્થળોએ મલખમ તાલીમ કેન્દ્રો ચાલી રહ્યાં છે. અમેરિકાના યુવાનો મોટી સંખ્યામાં તેની સાથે જોડાઈ રહ્યા છે, મલખમ શીખી રહ્યાં છે. આજે જર્મની હોય, પોલેન્ડ હોય, મલેશિયા હોય, એવા લગભગ ૨૦ અન્ય દેશોમાં પણ મલખમ ખૂબ જાણીતું બની રહ્યું છે. હવે તો તેની વિશ્વ સ્પર્ધા શરૂ કરાઈ છે, જેમાં કેટલાય દેશોના હરીફો ભાગ લે છે. ભારતમાં તો પ્રાચીનકાળથી એવી કેટલીયે રમતો રહી છે જે આપણી અંદર, એક અસાધારણ વિકાસ કરે છે. આપણા મન, શરીર સંતુલનને એક નવા આયામ પર લઈ જાય છે. પરંતુ બની શકે કે નવી પેઢીના આપણા યુવા સાથીઓ મલખમથી એટલા પરિચીત નહીં હોય. તમે એને ઈન્ટરનેટ પર ચોક્કસ સર્ચ કરજો અને જોજો. આપણા દેશમાં કેટલાય પ્રકારની માર્શલ આર્ટ છે. હું ઈચ્છું છું કે આપણા યુવા સાથીઓ તેના વિશે પણ જાણે, તે શીખે અને સમય અનુસાર તેમાં નવીનતા પણ લાવે. જીવનમાં જયારે મોટા પડકારો નથી હોતા, ત્યારે વ્યક્તિત્વનું સર્વશ્રેષ્ઠ પણ બહાર નીકળીને નથી આવતું. એટલા માટે પોતાની જાતને હંમેશાં પડકારો ફેંકતા રહો. કહેવાય છે કે **Learning is Growing** - શીખવું એ વૃદ્ધિ પામવું છે. આજે મન કી બાતમાં હું આપનો પરિચય એક એવી વ્યક્તિ સાથે કરાવીશ જેમનામાં એક અનોખું ઝનૂન છે. આ ઝનૂન છે બીજા સાથે વાંચન અને શીખવાના આનંદને વહેંચવાનું. તે છે પોન મરિયપ્પન. પોન મરિયપ્પન તમિલનાડુના તુતુકુડીમાં રહે છે. તુતુકુડીને પર્લ સિટી એટલે કે મોતીઓના શહેરના રૂપમાં પણ ઓળખવામાં આવે છે. એક સમયે તે પાંડિયન સામ્રાજયનું એક મહત્વનું કેન્દ્ર હતું. ત્યાં રહેતા મારા દોસ્ત પોન મરિયપ્પન વાળ કાપવાના વ્યવસાય સાથે જોડાયેલા છે અને એક સલૂન ચલાવે છે. બહુ નાનું એવું સલૂન છે. તેમણે એક અનોખું અને પ્રેરણાદાયક કામ કર્યું છે. પોતાના સલૂનના એક ભાગને જ પુસ્તકાલય બનાવી દીધું છે. જો કોઈ વ્યક્તિ સલૂનમાં પોતાના વારાની રાહ જોતી વખતે ત્યાં કંઈક વાંચે છે અને જે વાંચ્યું છે તેના વિશે થોડું લખે છે, તો પોન મરિયપ્પનજી તે ગ્રાહકને વળતર આપે છે. સમગ્ર ભારતમાં અનેક લોકો એવા છે જેમને જ્ઞાનનો પ્રસાર કરવાથી અપાર આનંદ મળે છે, આ એવા લોકો છે જે હંમેશા એ બાબતે તત્પર રહે છે કે દરેક જણ ભણવા માટે પ્રેરિત થાય. મધ્યપ્રદેશના સિંગરૌલીનાં શિક્ષિકા – ઉષા દુબેજીએ તો ''સ્કૂટી''ને જ હરતાફરતા પુસ્તકાલયમાં ફેરવી નાખ્યું છે. તેઓ દરરોજ પોતાના હરતા-ફરતા પુસ્તકાલય સાથે કોઈ ને કોઈ ગામમાં પહોંચી જાય છે અને ત્યાં બાળકોને ભણાવે છે. બાળકો તેમને પ્રેમથી ચોપડીઓવાળાં દીદી કહીને બોલાવે છે. આ વર્ષે ઓગસ્ટમાં અરૂણાચલ પ્રદેશમાં નિરજૂલીના ''રેયો'' ગામમાં એક સ્વસહાય પુસ્તકાલય બનાવવામાં આવ્યું છે. બન્યું એવું કે ત્યાંની મીના ગુરૂંગ અને દિવાંગ હોસાઈને જયારે જાણવા મળ્યું કે ગામમાં કોઈ પુસ્તકાલય નથી તો તેમણે તેનું ભંડોળ ઉભું કરવા હાથ લંબાવ્યા. તમને એ જાણીને અચરજ થશે કે આ પુસ્તકાલય માટે સભ્યપદની કોઈ આવશ્યકતા જ નથી. કોઈ પણ વ્યક્તિ બે અઠવાડિયા માટે પુસ્તક લઈ જઈ શકે છે. વાંચ્યા પછી તે પરત આપવાનું હોય છે. આ પુસ્તકાલય સાતેય દિવસ, ચોવીસેય કલાક ખુલ્લું રહે છે. આસપાસના વાલીઓ આ જોઈને ઘણા ખુશ છે કે, એમનાં બાળકો પુસ્તક વાંચવામાં વ્યસ્ત છે. ખાસ કરીને એવા સમયે કે જયારે શાળાઓએ પણ ઓનલાઈન વર્ગો શરૂ કરી દીધા છે. તે જ રીતે ચંડીગઢમાં એક સ્વૈચ્છિક સંસ્થા ચલાવતા સંદીપ કુમારજીએ એક મીની વેનમાં હરતું ફરતું પુસ્તકાલય બનાવ્યું છે. તેના દ્વારા ગરીબ બાળકોને વાંચવા માટે મફત પુસ્તકો આપવામાં આવે છે. તેની સાથે જ ગુજરાતના ભાવનગરની પણ બે સંસ્થાઓ વિશે હું જાણું છું જે ખૂબ સુંદર કામ કરી રહી છે. તેમાંથી એક છે ''વિકાસ વર્તુળ ટ્રસ્ટ''. આ સંસ્થા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાનાર વિદ્યાર્થીઓ માટે ખૂબ મદદરૂપ છે. આ ટ્રસ્ટ ૧૯૭૫થી કામ કરી રહ્યું છે અને તે ૫ હજાર પુસ્તકોની સાથે ૧૪૦થી વધુ સામયિક ઉપલબ્ધ કરાવે છે. એવી જ એક સંસ્થા ''પુસ્તક પરબ'' છે. આ નવિનતાસભર યોજના છે જે સાહિત્યનાં પુસ્તકોની સાથે જ બીજાં પુસ્તકો પણ મફત ઉપલબ્ધ કરાવે છે. આ પુસ્તકાલયમાં આધ્યાત્મિક, આયુર્વેદિક ઉપચાર, અને કેટલાંયે અન્ય વિષયોને લગતાં પુસ્તકો પણ સામેલ છે. આપને જો આવા પ્રકારના પ્રયાસો વિષે કંઈ પણ જાણ હોય તો મારો આગ્રહ છે કે તમે તેને સોશિયલ મીડિયા પર જરૂર શેર કરજો. આ ઉદાહરણો પુસ્તક વાંચવા કે પુસ્તકાલય ખોલવા પૂરતાં મર્યાદિત નથી. બલ્કે એ નવા ભારતની તે ભાવનાનું પણ પ્રતીક છે જેમાં સમાજના વિકાસ માટે દરેક ક્ષેત્ર અને દરેક વર્ગના લોકો નવી-નવી અને ઈનોવેટીવ રીતો અપનાવી રહ્યા છે. ગીતામાં કહેવામાં આવ્યું છે.— ન હિ જ્ઞાનેન સદ્દશં પવિત્રમ્ ઈહ વિદ્યતે.અર્થાત્ જ્ઞાનને સમાન, સંસારમાં કશું પણ પવિત્ર નથી. જ્ઞાનનો પ્રસાર કરનારા, આવા ઉમદા પ્રયાસ કરનારા, બધા મહાનુભાવોને હું દિલથી અભિનંદન આપું છું. મારા વ્હાલા દેશવાસીઓ, થોડાક જ દિવસો પછી સરદાર વલ્લભભાઈ પટેલજીની જન્મજયંતી, ૩૧ ઓકટોબરને આપણે સૌ, રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવીશું. ''મન કી બાત''માં આપણે અગાઉ પણ સરદાર પટેલ વિષે વિસ્તારપૂર્વક વાત કરી છે. આપણે તેમનાં વિરાટ વ્યક્તિત્વનાં કેટલાંય પાસાં વિષે ચર્ચા કરી છે. બહુ ઓછા લોકો મળશે જેમનાં વ્યક્તિત્વમાં એક સાથે કેટલાંય ગુણો હાજર હોય. વૈચારિક ઊંડાણ, નૈતિક સાહસ, રાજનૈતિક વિલક્ષણતા, કૃષિ ક્ષેત્રનું ઊંડું જ્ઞાન અને રાષ્ટ્રીય એકતા પ્રત્યે સમર્પણ ભાવ. શું તમે સરદાર પટેલ વિશેની એ વાત જાણો છો જે તેમની રમૂજવૃત્તિ દર્શાવતી હોય. તે લોહપુરૂષની છબીની જરા કલ્પના કરો કે જે રાજા-રજવાડાં સાથે મંત્રણા કરી રહ્યા હતા, પૂજય બાપુના લોક આંદોલનનું વ્યવસ્થાપન કરી રહ્યા હતા, સાથોસાથ અંગ્રેજો સામે લડાઈ પણ લડી રહ્યા હતા. અને આ બધાં વચ્ચે પણ તેમની રમૂજવૃત્તિ પૂરા રંગમાં રહેતી હતી. બાપુએ સરદાર પટેલ વિશે કહ્યું હતું – તેમની વિનોદપૂર્ણ વાતો મને એટલું હસાવતી હતી કે હસતાં હસતાં પેટમાં આંટી પડી જતી હતી. આવું દિવસમાં એકાદ વાર નહીં, કેટલીયે વાર થતું હતું. આમાં આપણા માટે પણ એક શીખ છે, પરિસ્થિતિઓ ગમે તેટલી વિષમ કેમ ના હોય, પોતાની રમૂજવૃત્તિને જીવતી રાખો. તે આપણને સહજ તો રાખશે જ, આપણે પોતાની સમસ્યાનો ઉકેલ પણ કાઢી શકીશું. સરદાર સાહેબે આ જ તો કર્યું હતું.સરદાર પટેલે પોતાનું પુરૂં જીવન દેશની એકતા માટે સમર્પિત કરી દીધું. તેમણે ભારતીય જનમાનસને સ્વતંત્રતા આંદોલન સાથે જોડ્યું. તેમણે સ્વતંત્રતાની સાથે ખેડૂતોના મુદ્દાઓને પણ જોડવાનું કામ કર્યું. તેમણે રાજા-રજવાડાઓને આપણા રાષ્ટ્રની સાથે એક કરવાનું કામ કર્યું. વિવિધતામાં એકતાના મંત્રને તેઓ દરેક ભારતીયના મનમાં જગાડી રહ્યા હતા.આજે આપણે પોતાની વાણી, પોતાનો વ્યવહાર, પોતાના કર્મથી તે તમામ બાબતોને આગળ વધારવાની છે જે આપણને એક કરે. જે દેશના એક ભાગમાં રહેતા નાગરિકના મનમાં, બીજા ખૂણામાં રહેતા નાગરિક માટે સહજતા અને પોતાપણાનો ભાવ પેદા કરી શકે. આપણા પૂર્વજોએ સદીઓથી આવા પ્રયાસ નિરંતર કર્યા છે. હવે જૂઓ, કેરળમાં જન્મેલા પૂજય આદિ શંકરાચાર્યજીએ ભારતની ચારે દિશાઓમાં ચાર મહત્વપૂર્ણ મઠોની સ્થાપના કરી, ઉત્તરમાં બદ્રિકાશ્રમ, પૂર્વમાં પૂરી, દક્ષિણમાં શ્રૃંગેરી અને પશ્ચિમમાં દ્વારકા. તેમણે શ્રીનગરની યાત્રા પણ કરી, એ જ કારણ છે કે ત્યાં એક 'શંકરાચાર્ય હિલ છે. તીર્થાટન પોતે જ ભારતને એક તાંતણે બાંધે છે. જયોતિર્લિંગો અને શક્તિપીઠોની શ્રૃંખલા ભારતને એક તાંતણે બાંધે છે. ત્રિપુરાથી લઈને ગુજરાત સુધી, જમ્મુ-કાશ્મીરથી લઈને તમિલનાડુ સુધી સ્થપાયેલાં આપણા શ્રધ્ધાનાં કેન્દ્રો આપણને ''એક'' કરે છે. ભક્તિ આંદોલન સમગ્ર ભારતમાં એક મોટું લોકઆંદોલન બની ગયું, જેણે આપણને ભક્તિના માધ્યમથી એકસંપ કર્યા. આપણા રોજિંદાજીવનમાં પણ આ બાબતો કેવીક તો ઓગળી ગઈ છે, જેમાં એકતાની તાકાત છે. દરેક અનુષ્ઠાન પહેલાં વિભિન્ન નદીઓનું આહવાન કરવામાં આવે છે. જેમાં છેક ઉત્તરમાં સ્થિત સિંધુ નદીથી લઈને દક્ષિણ ભારતની જીવનદાયીની કાવેરી નદી સુધી સામેલ છે. મોટેભાગે આપણે ત્યાં લોકો કહે છે, સ્નાન કરતી વખતે પવિત્ર ભાવથી એકતાનો મંત્ર બોલે છે –ગંગે ચ યમુને ચૈવ ગોદાવરી સરસ્વતિ નર્મદે સિન્ધુ કાવેરી, જલેડસ્મિન સન્નિધિમ્ કુરૂ.. આ જ રીતે શીખોનાં પવિત્ર સ્થળોમાં ''નાંદેડ સાહિબ'' અને ''પટના સાહિબ'' ગુરૂદ્વારા સામેલ છે. આપણા શીખ ગુરૂઓએ પણ પોતાના જીવન અને સત્કાર્યોના માધ્યમથી એકતાની ભાવનાને પ્રગાઢ બનાવી છે. ગઈ શતાબ્દિમાં આપણા દેશમાં ડોકટર બાબાસાહેબ આંબેડકર જેવી મહાન વિભૂતીઓ થઈ છે, જેમણે આપણને સૌને બંધારણના માધ્યમથી એકસંપ કર્યા. **Unity is power, Unity is Strength.** એકતા શક્તિ છે, એકતા મજબૂતાઈ છે. **Unity is Progress, Unity is empowerment.** એકતા પ્રગતિ છે, એકતા સશક્તિકરણ છે. **United we will scale new heights.** એક રહીને જ આપણે નવી ઉંચાઈઓ સર કરીશું.એવી શક્તિઓ પણ હાજર હોય છે, જે સતત આપણા મનમાં શંકાનાં બીજ વાવવાની કોશિશ કરતી રહે છે, દેશને વહેંચવાનો પ્રયાસ કરે છે. દેશે પણ દર વખતે આ બદ-ઈરાદાઓનો જડબાતોડ જવાબ આપ્યો છે. આપણે સતત પોતાની સર્જનાત્મકતાથી, પ્રેમથી, હરપળ પ્રયાસપૂર્વક પોતાના નાનામાં નાનાં કામોમાં, ''એક ભારત – શ્રેષ્ઠ ભારત''ના સુંદર રંગોને સામે લાવવાના છે, એકતાના નવા રંગો પૂરવાના છે, અને દરેક નાગરિકે પૂરવાના છે. આ સંદર્ભમાં હું આપ સૌને એક વેબસાઈટ જોવાનો આગ્રહ કરૂં છું. 'એક ભારત ડોટ ગોવ ડોટ ઈન - તેમાં રાષ્ટ્રીય અખંડિતતાની આપણી ઝુંબેશને આગળ વધારવાના અનેક પ્રયાસ જોવા મળશે. એનો એક રસપ્રદ કોર્નર છે - ' આજ કા વાક્ય. આ વિભાગમાં આપણે દરરોજ એક વાક્યને અલગ અલગ ભાષાઓમાં કેવી રીતે બોલી શકીએ તે શીખી શકીએ છીએ. તમે આ વેબસાઈટમાં યોગદાન પણ કરો. જેમ કે, દરેક રાજય અને સંસ્કૃતિમાં અલગ અલગ ખાનપાન હોય છે. આ વાનગીઓ સ્થાનિક ખાસ ચીજવસ્તુઓ એટલે કે અનાજ અને મસાલા વડે બનાવવામાં આવે છે. શું આપણે આ સ્થાનિક ખાદ્યચીજની બનાવવાની રીત – રેસીપીને તેનાં ઘટકોનાં સ્થાનિક નામો સાથે 'એક ભારત – શ્રેષ્ઠ ભારત વેબસાઈટ પર શેર કરી શકીએ ? **Unity** અને **Immunity** એકતા અને રોગપ્રતિકારક ક્ષમતા વધારવા માટે આનાથી વધુ સારી રીત બીજી કઈ હોઈ શકે? આ મહિનાની ૩૧ તારીખે કેવડિયામાં ઐતિહાસિક સ્ટેચ્યુ ઓફ યુનિટી પર યોજાનારા અનેક કાર્યક્રમોમાં સામેલ થવાનો મને મોકો મળશે. તમે લોકો પણ જરૂર જોડાજો. ૩૧ ઓકટોબરે આપણે વાલ્મીકી જયંતી પણ ઉજવીશું. મહર્ષિ વાલ્મીકીને હું નમન કરૂં છું અને આ ખાસ પ્રસંગ માટે દેશવાસીઓને હાર્દિક શુભેચ્છા પાઠવું છું. મહર્ષિ વાલ્મીકીના મહાન વિચારો કરોડો લોકોને પ્રેરીત કરે છે, બળ આપે છે. લાખો-કરોડો ગરીબો અને દલિતો માટે તેઓ બહુ મોટી આશા છે. તેમની અંદર આશા અને વિશ્વાસનો સંચાર કરે છે. તેઓ કહે છે – કોઈપણ મનુષ્યની ઈચ્છાશક્તિ જો તેની સાથે હોય, તો તે કોઈપણ કામ બહુ સરળતાથી કરી શકે છે. આ ઈચ્છાશક્તિ જ છે જે કેટલાય યુવાનોને અસાધારણ કાર્ય કરવાની તાકાત આપે છે. મહર્ષિ વાલ્મીકીએ હકારાત્મક વિચારસરણી પર ભાર મૂક્યો. તેમના માટે સેવા અને માનવીય ગૌરવનું સ્થાન સર્વોપરી છે. મહર્ષિ વાલ્મીકીના આચાર, વિચાર અને આદર્શ આજે 'ન્યૂ ઈન્ડિયાહ્ન ના આપણા સંકલ્પ માટે પ્રેરણા પણ છે અને દિશા-સૂચન પણ છે. ભાવિ પેઢીઓના માર્ગદર્શન માટે રામાયણ જેવા મહાગ્રંથની તેમણે રચના કરી તે માટે આપણે મહર્ષિ વાલ્મીકીના સદાય ઋણી રહીશું.૩૧ ઓકટોબરે ભારતનાં ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીને આપણે ગુમાવ્યાં હતાં. હું આદરપૂર્વક તેમને શ્રધ્ધાંજલિ આપું છું કાશ્મીરનું પુલવામા આજે પૂરા દેશને ભણાવવામાં મહત્વની ભૂમિકા અદા કરી રહ્યું છે. સમગ્ર દેશમાં બાળકો આજે પોતાનું **Home Work** ઘરકામ કરે છે, નોટ્સ બનાવે છે ત્યારે ક્યાંકને ક્યાંક તેની પાછળ પુલવામાના લોકોની સખત મહેનત પણ છે. કાશ્મીર ખીણ, આખા દેશની લગભગ ૯૦ ટકા પેન્સીલ સ્લેટની- લાકડાની પટ્ટીની માગ પૂરી કરે છે. અને તેમાં બહુ મોટી ભાગીદારી પુલવામાની છે. એક સમયે આપણે વિદેશમાંથી પેન્સીલ માટે લાકડું મંગાવતા હતા. પરંતુ હવે આ ક્ષેત્રમાં આપણું પુલવામા દેશને આત્મનિર્ભર બનાવી રહ્યું છે. હકીકતમાં પુલવામાની આ પેન્સીલ સ્લેટ્સ રાજયો વચ્ચેનું અંતર ઓછું કરી રહી છે. ખીણના ચીનારનું લાકડું ભેજના વધુ પ્રમાણવાળું અને પોચું હોય છે. જે તેને પેન્સીલના ઉત્પાદન માટે સૌથી અનૂકુળ બનાવે છે. પુલવામામાં ઉક્ખૂને પેન્સીલ વિલેજના નામથી ઓળખવામાં આવે છે. અહીં પેન્સીલ સ્લેટના ઉત્પાદનનાં કેટલાંય એકમો છે. જે રોજગાર પૂરો પાડી રહ્યા છે. અને તેમાં સારી એવી સંખ્યામાં મહિલાઓ કામ કરે છે. પુલવામાની પોતાની આ ઓળખ ત્યારે સ્થાપિત થઈ છે, જયારે ત્યાંના લોકોએ કંઈક નવું કરવાનો નિર્ધાર કર્યો, કામની બાબતમાં જોખમ ઉઠાવ્યું અને પોતાની જાતને તેના પ્રત્યે સમર્પિત કરી દીધી. કર્મઠ લોકોમાંના એક છે —મંજૂરઅહમદઅલાઈ. મંજૂરભાઈ પહેલાં લાકડા કાપનારા એક સામાન્ય મજૂર હતા. મંજૂરભાઈ કંઈક નવું કરવા ઈચ્છતા હતા જેથી એમની આવનારી પેઢીઓ ગરીબીમાં ના જીવે. તેમણે પોતાની વારસાગત જમીન વેચી નાખી અને એપલ વૂડન બોકસ એટલે કે સફરજન ભરવાની લાકડાની પેટીઓ બનાવવાનું એકમ શરૂ કર્યું. તેઓ પોતાના નાનકડા બિઝનેસમાં લાગેલા હતા. ત્યારે મંજૂરભાઈને કયાંકથી ખબર પડી કે પેન્સીલના ઉત્પાદનમાં **Poplar Wood** એટલે કે ચિનારના લાકડાનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. આજાણકારીમળ્યા પછી મંજૂરભાઈ એપોતાનીઉદ્યોગ સાહસિકતાનો પરિચય આપતાં કેટલાંક વિખ્યાત પેન્સીલ ઉત્પાદન એકમોને **poplar wood** પૂરૂં પાડવાનું શરૂ કર્યું. મંજૂરજીને આ ખૂબ ફાયદાકારક લાગ્યું અને તેમની આવક પણ સારી એવી વધવા લાગી. સમય વીતતાં તેમણે પેન્સીલ સ્લેટ ઉત્પાદનની મશીનરી લઈ લીધી અને ત્યાર પછી તેમણે દેશની મોટીમોટી કંપનીઓને પેન્સીલ સ્લેટ પૂરી પાડવાનું શરૂ કરી દીધું. આજે મંજૂરભાઈના આ બિઝનેસનું ટર્નઓવર કરોડોમાં છે અને તેઓ લગભગ બસો લોકોને આજીવિકા પણ પૂરી પાડી રહ્યા છે. આજે મન કી બાતના માધ્યમથી બધા દેશવાસીઓ તરફથી હું મંજૂરભાઈ સહિત પુલવામાના મહેનતુ ભાઈઓ-બહેનોની અને તેમના પરિવારજનોની પ્રશંસા કરૂં છું. આપ સૌ દેશના **young minds** ને શિક્ષિત કરવા માટે પોતાનું કિંમતી યોગદાન આપી રહ્યાં છો. લોકડાઉન દરમ્યાન ટેકનોલોજી આધારિત સેવા પૂરી પાડવાના અનેક પ્રયોગ આપણા દેશમાં થયા છે. અને હવે એવું નથી રહ્યું કે બહુ મોટી ટેકનોલોજી અને માલ પરિવહન કંપનીઓ જ આ કરી શકે છે. ઝારખંડમાં આ કામ મહિલાઓના સ્વસહાયજૂથે કરી બતાવ્યું છે. આ મહિલાઓએ ખેડૂતોના ખેતરમાંથી શાકભાજી અને ફળ લીધાં અને સીધાં જ ઘરો સુધી પહોંચાડ્યાં. આ મહિલાઓએ 'આજીવિકા ફાર્મ ફ્રેશ નામની એક એપ બનાવડાવી, જેના દ્વારા લોકો સહેલાઈથી શાકભાજી મંગાવી શકતા હતા. આ પૂરા પ્રયાસ થી ખેડૂતોને પોતાનાં શાકભાજી અને ફળોના સારા ભાવ મળ્યા અને લોકોને પણ તાજાં શાકભાજી મળતાં રહ્યાં. ત્યાં 'આજીવિકા ફાર્મ ફ્રેશ એપનો વિચાર ખૂબ લોકપ્રિય થઈ રહ્યો છે. લોકડાઉનમાં તેમણે ૫૦ લાખ રૂપિયાથી પણ વધુનાં ફળ અને શાકભાજી લોકો સુધી પહોંચાડ્યાં છે. સાથીઓ, કૃષિ ક્ષેત્રમાં નવી સંભાવનાઓ ઉભી થતી જોઈ, આપણા યુવાનો પણ સારી એવી સંખ્યામાં તેમાં જોડાઈ રહ્યા છે. મધ્યપ્રદેશના બડવાનીમાં અતુલ પાટીદાર પોતાના વિસ્તારના ૪ હજાર ખેડૂતોને ડીજીટલ રૂપે જોડી ચૂકયા છે. આ ખેડૂતો અતુલ પાટીદારના 'ઈ-પ્લેટફોર્મ ફાર્મકાર્ડ દ્વારા ખાતર, બિયારણ, જંતુનાશક, ફૂગનાશક વગેરે ખેતી માટે જરૂરી સામાન ઘરે બેઠાં જ મેળવી રહ્યા છે. એટલે કે ખેડૂતોને ઘર સુધી તેમની જરૂરીયાતની વસ્તુઓ મળી રહી છે. આ ડીજીટલ પ્લેટફોર્મ પર આધુનિક કૃષિ ઉપકરણો પણ ભાડે મળી રહે છે. લોકડાઉનના સમયે પણ આ ડીજીટલ પ્લેટફોર્મના માધ્યમથી ખેડૂતોને હજારો પેકેટ પહોંચાડવામાં આવ્યાં. જેમાં કપાસ અને શાકભાજીનાં બિયારણ પણ હતાં. અતુલજી અને તેમની ટીમ ખેડૂતોને ટેકનિકની બાબતમાં પણ જાગૃત કરી રહી છે, ઓનલાઈન પેમેન્ટ તથા ખરીદી શીખવી રહી છે.હાલમાં મહારાષ્ટ્રની એક ઘટના પર મારૂં ધ્યાન ગયું. ત્યાં એક ખેડૂત ઉત્પાદક કંપનીએ મકાઈની ખેતી કરનારા ખેડૂતો પાસેથી મકાઈ ખરીદી. કંપનીએ આ વખતે ખેડૂતોને ભાવ ઉપરાંત બોનસ પણ આપ્યું. ખેડૂતોને પણ એક સુખદ આશ્ચર્ય થયું. જયારે તે કંપનીને પૂછ્યું તો તેણે કહ્યું કે ભારત સરકારે જે નવા કૃષિ કાનૂન બનાવ્યા છે તે અંતર્ગત ખેડૂત પોતાની જણસ ભારતમાં કયાંય પણ વેચી શકે છે, અને તેમને સારા ભાવ મળી રહ્યા છે. એટલે તેમણે વિચાર્યુ કે આ વધારાનો નફો ખેડૂતોને પણ વહેંચવો જોઈએ. તેના પર ખેડૂતોનો પણ હક છે, અને તેમણે ખેડૂતોને આ રીતે બોનસ આપ્યું છે, સાથીઓ, અત્યારે આ બોનસ ભલે થોડું હોય, પણ આ શરૂઆત બહુ મોટી છે. તેનાથી આપણને એ ખબર પડે છે કે નવા કૃષિ-કાનૂનથી પાયાના સ્તરે કેવા પ્રકારનું પરિવર્તન ખેડૂતોના પક્ષમાં આવવાની સંભાવનાઓ ભરેલી છે. મન કી બાતમાં દેશવાસીઓની અસાધારણ ઉપલબ્ધીઓ, આપણા દેશ, આપણી સંસ્કૃતિના અલગઅલગ પાસાંઓ વિશે આપ સૌ સાથે વાત કરવાની તકમળી.આપણો દેશ પ્રતિભાશાળી લોકોથી ભરેલો છે. જો તમે પણ એવા લોકોને જાણતા હો તો તેમના વિશે વાત કરો, લખો અને તેમની સફળતાઓને શેર કરો. આવનારા તહેવારોના આપને અને આપના પૂરાપરિવારનેખૂબખૂબ અભિનંદન. પરંતુ એક વાત યાદ રાખજો, અને તહેવારોમાં જરા વિશેષ રીતે યાદ રાખજો, કે માસ્ક પહેરવાનો છે, હાથ સાબુથી ધોતા રહેવાનું છે અને બે ગજનું અંતર જાળવી રાખવાનું છે.

## તંત્રી સ્થાનેથી......

ભારતે અન્ય એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. રાષ્ટ્રીય સાજા થવાનો દર આજે ૯૦% ની સપાટીએ પહોંચી ગયો છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૬૨,૦૭૭ દર્દીઓ સાજા થયા છે અને તેમને રજા આપવામાં આવી છે, જ્યારે નવા પુષ્ટિ થયેલ કેસ ૫૦,૧૨૯ છે.આ સિધ્ધિ કુલ સક્રિય કેસના નીચલા સર્પાકાર પતનને અનુરૂપ છે, જે સળંગ ત્રણ દિવસથી ૭ લાખની નીચે જાળવવામાં આવી છે હાલમાં સક્રિય કેસ જે ૬,૬૮,૧૫૪ છે એ દેશના કુલ પોઝિટિવ કેસના માત્ર ૮.૫૦ ટકા છે. કુલ સાજા થયેલા કેસમાં પણ વધારો થવાનું ચાલુ છે. તેની સંખ્યા અત્યાર સુધીમાં ૭૦,૭૮,૧૨૩ થઈ ગઈ છે. સાજા થયેલા કેસની વધતી સંખ્યા સાથે, આ અંતર સતત વધતું જાય છે.સાજા થયેલા કેસ અને સક્રિય કેસ વચ્ચેનું અંતર ૬૪ લાખ (૬૪,૦૯,૯૬૯) ને વટાવી ગયું છે. છેલ્લા એક અઠવાડિયાથી સતત ૧૦૦૦ થી ઓછા મૃત્યુ નોંધાયા છે. ૨ ઓક્ટોબરથી મૃત્યુઆંક ૧૧૦૦ ની નીચે છે. નવા સાજા થયેલા કેસમાંથી ૭૫% કેસ ૧૦રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશમાં એટલે કે મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, દિલ્હી, આંધ્રપ્રદેશ, આસામ, ઉત્તર પ્રદેશ, અને છત્તીસગઢમાં કેન્દ્રિત હોવાનું મનાય છે. એક દિવસમાં ૧૦,૦૦૦થી વધુ સાજા થયેલા કેસની સંખ્યા સાથે મહારાષ્ટ્ર આ ગણતરીમાં મોખરે છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૦,૧૨૯ નવા પુષ્ટિ થયેલ કેસ નોંધાયા છે. નવા કેસોમાંથી ૭૯% કેસ ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના છે. નવા કેસની નોંધણી ખૂબ જ મોટી સંખ્યામાં કરતા રાજ્યોમાં કેરળ ૮૦૦૦થી વધુ કેસ સાથે મોખરે છે, જ્યારે મહારાષ્ટ્ર એ ૬૦૦૦થી વધુ કેસ નોંધાવ્યા છે.છેલ્લા ૨૪ કલાકમાં ૫૭૮ લોકોના મૃત્યુ થયા છે. લગભગ ૮૦% દસ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશમાં કેન્દ્રિત છે. મહારાષ્ટ્રમાં ૧૩૭ લોકોના મૃત્યુ થયા છે અને નવા નોંધાયેલા મૃત્યુઆંકમાં તેનો મહત્તમ ફાળો છે ભારતના પરીક્ષણ પ્રયોગશાળાના નેટવર્કએ આજે બીજી સિદ્ધિ મેળવી છે. કુલ લેબ્સની સંખ્યા ૨૦૦૦ ને વટાવી ગઈ છે. પુણેની એક લેબથી શરૂ કરતાં આજે લેબ્સની સંખ્યા ૨૦૦૩ છે જેમાં ૧૧૨૬ સરકારી પ્રયોગશાળાઓ અને ૮૭૭ ખાનગી પ્રયોગશાળાઓ શામેલ છે.

# કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા ચૂંટણી પ્રચારના મેદાનમાં

# મોરબી વિધાનસભાના ભાજપા ઉમેદવાર શ્રી બ્રિજેશભાઈ મેરજાના સમર્થનમાં જાહેરસભાને સંબોધી તેમજ વિવિધ ગામમાં લોકસંપર્ક કર્યો.

**ભાજપા પાસે સબળ, નિર્ણાયક, સંવેદનશીલ નેતૃત્વ, યોગ્ય નીતિ અને જનસેવાની નિયત છે જ્યારે સામા પક્ષે કોંગ્રેસમાં ન તો કોઈ નેતા છે, ન તો કોઈ નીતિ છે, ન તો કોઈ નિયત છે. -શ્રી મનસુખભાઈ માંડવીયા**



કમલમ દૈનિક,

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આઠ બેઠકોની વિધાનસભાની પેટા ચૂંટણીને જૂજ દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ભાજપા દ્વારા ચૂંટણી પ્રચાર પુરજોશમાં ચાલી રહ્યો છે, ભાજપાના કાર્યકર્તાઓ ઉમેદવારોને ભવ્ય વિજય અપાવવા પરિશ્રમ કરી રહ્યા છે, ડોર ટુ ડોર પ્રચાર ચાલી રહ્યો છે, તમામ વિધાનસભા ક્ષેત્રોમાં ભાજપાને અભૂતપૂર્વ જનસમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે, કેન્દ્રીય મંત્રીશ્રીઓ, પ્રદેશ ભાજપા ના આગેવાનો દ્વારા જાહેર સભાઓ યોજાઈ રહી છે. વિધાનસભા ચૂંટણી પ્રચાર અભિયાન ના ભાગરૂપે કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાએ મોરબી વિધાનસભા બેઠકના ભાજપા ઉમેદવાર શ્રી બ્રિજેશભાઈ મેરજાના સમર્થનમાં મતક્ષેત્રના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં જઈ લોકસંપર્ક કર્યો હતો તેમજ ત્યારબાદ જાહેરસભાને સંબોધન કર્યું હતું. મોરબીના ભાજપા ઉમેદવાર શ્રી બ્રિજેશભાઈ મેરજાનો શનાળા, રંગપર, કેશવનગર, જીવાપર, જીકિયારી અને ચકમપર સહિતના ગામમાં કેન્દ્રિય મંત્રીશ્રી મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાની વિશેષ ઉપસ્થિતિમાં જનસંપર્ક પ્રવાસ યોજાયો હતો. ત્યારબાદના બીજા તબક્કામાં શ્રી માંડવીયાએ રાપર, શાપર અને જસમતગઢ ગામમાં લોકસંપર્ક કર્યો હતો. આ ગ્રામીણ વિસ્તારના ચૂંટણીલક્ષી પ્રવાસ દરમિયાન તેઓએ વિવિધ ગામમાં ગ્રુપ મિટિંગોમાં ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનોને આગામી ચૂંટણીના સંદર્ભમાં માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રવાસ દરમિયાન ઠેર ઠેર ગ્રામજનો દ્વારા શ્રી મનસુખભાઈ માંડવીયા અને ભાજપા ઉમેદવાર શ્રી બ્રિજેશભાઈ મેરજાનું ઉત્સાહપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.શ્રી મનસુખભાઈ માંડવીયાએ જનસભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, આ આવનારી વિધાનસભા પેટા ચૂંટણીમાં મોરબીના ભાજપાના ઉમેદવાર સહિત અન્ય બેઠકો પર ભાજપાનો વિજય નિશ્ચિત છે, કારણ કે ભાજપા પાસે સબળ, નિર્ણાયક, સંવેદનશીલ નેતૃત્વ, યોગ્ય નીતિ અને જનસેવાની નિયત છે જ્યારે સામા પક્ષે કોંગ્રેસમાં ન તો કોઈ નેતા છે, ન તો કોઈ નીતિ છે, ન તો કોઈ નિયત છે. ફક્ત અને ફક્ત વોટબેંકનું રાજકારણ કરવું એ જ કોંગ્રેસનું કામ છે. શ્રી માંડવીયાએ જણાવ્યું હતું કે, કેન્દ્રમાં પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઈમોદીઅનેગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં તેમજ રાજયમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલનાં વડપણ હેઠળની ભાજપા સરકારે વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ બનાવી તેને અમલમાં મૂકીને નાગરિકોને સુવિધા પૂરી પાડી છે, છેવાડાના માનવી સુધી દરેક સુવિધા પહોંચે તે દિશામાં સરકાર કાર્ય કરી રહી છે, શહેરોની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા ભાજપા સરકાર પ્રતિબદ્ધ છે શ્રી માંડવીયાએ જણાવ્યું હતું કે, આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસ પોતાની હાર ભાળી ગઈ છે, આંતરિક તીવ્ર જૂથવાદને કારણે, અંદરોઅંદરની હુંસાતુંસીને કારણે કોંગ્રેસ તૂટી રહી છે, કોંગ્રેસના દિશાહીન નેતૃત્વને કારણે તેના પાયાના કાર્યકરો નિરાશ થઈને કોંગ્રેસ છોડી રહ્યા છે. ચૂંટણી ટાણે બેબુનિયાદ આરોપો લગાવીને મતદારોને ગેરમાર્ગે દોરવાનું કાર્ય કોંગ્રેસ વર્ષોથી કરતી આવી છે, પણ ગુજરાતની જનતા સત્યને સુપેરે જાણે છે એટલે કોંગ્રેસ તેના મનસૂબામાં ક્યારેય કામિયાબ થઈ શકશે નહીં. શ્રી માંડવીયાએ આગામી ૩ નવેમ્બરે ભાજપાના સમર્થનમાં વધુમાં વધુ મતદાન કરી મોરબીના ભાજપાના ઉમેડવારશ્રી બ્રિજેશભાઈ મેરજાના સમર્થનમાં મતદાન કરી તેમને ભારે બહુમતીથી વિજય અપાવવા માટે મોરબીની જનતાને આહવાન કર્યું હતું. આ જનસભામાં મોરબી વિધાનસભા બેઠકના ઈન્ચાર્જશ્રીઓ, સ્થાનિક ભાજપા સંગઠનના હોદ્દેદારશ્રીઓ, ભાજપા અગ્રણીશ્રીઓ, કાર્યકર્તાઓ, શુભેચ્છકો, સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

**છેવાડાના માનવી સુધી દરેક સુવિધા પહોંચે તે દિશામાં કેન્દ્ર અને રાજયની ભાજપા સરકાર સરકાર કાર્ય કરી રહી છે, શહેરોની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા ભાજપા સરકાર પ્રતિબદ્ધ છે. -શ્રી મનસુખભાઈ માંડવીયા**

**આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસ પોતાની હાર ભાળી ગઈ છે, આંતરિક તીવ્ર જૂથવાદને કારણે, અંદરોઅંદરની હુંસાતુંસીને કારણે કોંગ્રેસ તૂટી રહી છે, કોંગ્રેસના દિશાહીન નેતૃત્વને કારણે તેના પાયાના કાર્યકરો નિરાશ થઈને કોંગ્રેસ છોડી રહ્યા છે. -શ્રી મનસુખભાઈ માંડવીયા**

**ચૂંટણી ટાણે બેબુનિયાદ આરોપો લગાવીને મતદારોને ગેરમાર્ગે દોરવાનું કાર્ય કોંગ્રેસ વર્ષોથી કરતી આવી છે, પણ ગુજરાતની જનતા સત્યને સુપેરે જાણે છે એટલે કોંગ્રેસ તેના મનસૂબામાં ક્યારેય કામિયાબ થઈ શકશે નહીં. આ ચૂંટણીમાં મોરબીના ભાજપાના ઉમેદવાર સહિત અન્ય બેઠકો પર ભાજપાનો વિજય નિશ્ચિત છે.-શ્રી મનસુખભાઈ માંડવીયા**

# વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ બાયડ પ્રખંડ દ્વારા વિવિધ સ્થાનો પર શસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજાયો



કમલમ દૈનિક, અરવલ્લી

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ બાયડ પ્રખંડ દ્વારા તેનપુર, જુનવાડા, નારૂમિયાંની મુવાડી, વાત્રક, બાદરપુરા વિગેરે સ્થાનો પર 'અસત્ય પર સત્ય' ના વિશેષ પર્વ 'વિજયાદશમી' નિમિત્તે શસ્ત્ર પુજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે મિતેષ પટેલ, ભરત પ્રજાપતિ, હિરેન પટેલ, નરેન્દ્રસિંહ પરમાર, મનિષ પટેલ વિગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમનું સફળ સંચાલન કરાવ્યું હતું. તથા દરેક સ્થાનો પર નગરના કાર્યકર્તા ભાઈ બહેનો, વડિલો જોડાયા હતા

# બાયડ તાલુકાના ક્ષત્રિય સમાજ દ્વારા વાસણીરેલ મુકામે શસ્ત્ર પુજનનો કાર્યક્રમ યોજાયો



કમલમ દૈનિક, અરવલ્લી

અસત્ય પર સત્યનો વિજય, અન્યાય પર ન્યાયનો વિજય એવા વિજયાદશમી પર્વ નિમિત્તે બાયડ તાલુકાના વાસણીરેલ મુકામે જય માતાજી ગ્રુપ તથા સમસ્ત ક્ષત્રિય સમાજ દ્વારા તરફથી શસ્ત્ર પુજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.. જે કાર્યક્રમમાં બાયડ તાલુકાના પનોતા પુત્ર અને બાયડ - માલપુરના પુર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા અને ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગૌતમ બુદ્ધ ના જીવન પર આધારિત ઓન લાઈન કવિ સંમેલન મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા સંપન્ન




કમલમ દૈનિક,

ગૌતમ બુદ્ધ ના જીવન પર આધારિત ઑન લાઈન કવિ સંમેલન મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર ના અધ્યક્ષ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ સામાજિક કાર્યકર, હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક, ઉપ પ્રમુખ, ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ દ્વારા તારીખ ૨૪ ઓક્ટોબર ૨૦૨૦ ના રોજ બપોરે બે વાગ્યે આયોજિત કરવામાં આવ્યું હતું, જેમાં સરસ્વતી વંદના ડૉ ભાવના સાવલિયા રાજકોટ દ્વારા રજૂ કરવામાં આવી, મુખ્ય મહેમાન તરીકે શ્યામ કુંવર ભારતી ઝારખંડ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ખુલ્લો મુકાયો હતો, આ પ્રસંગે ડૉ સુનિલ પારિત બેલગામ કર્ણાટક ના અધ્યાપક કવિ લેખક, પર્યાવરણ પ્રેમી વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને કવિ ઓને પ્રેરણા આપી બિરદાવ્યાં હતાં,ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ દ્વારા બંને મહાનુભાવો નું શબ્દો રૂપી ફૂલમાળા થી સન્માન સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં કુલ ૨૯ કવિ ઓ દેશ મા થી જોડાયા હતા અને તેમણે બુધ્ધ વિશે ઉમદા રચના ઓ પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમ માં આભાર વિધિ શ્રી કાંતિભાઈ પટેલ એડવોકેટ ગાંધીનગર દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમ માં ખાસ વિશેષતા એ હતી કે ધોરણ ૩ માં અભ્યાસ કરતી પાંખી જૈન દ્વારા સુંદર રચના રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમ ના અંત માં રાષ્ટ્ર ગીત ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

# રીલાયન્સ ફાઉન્ડેશન માર્ગદર્શિત બનાસ ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની અને ઈફ્કેશ તથા સમુનતી ના સહયોગથી સાંતલપુર તાલુકા ના કોરડા ગામે ખેડુત વિકાસ કેન્દ્ર નુ ઉદ્ઘાટન કરવામાં આવેલ



કમલમ દૈનિક,

આજ રોજ કોરડા મુકામે ઈફ્કેશ તથા સમુનતી ના સહયોગથી બનાસ ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની દ્વારા કોરડા ગામે ખેડુત વિકાસ કેન્દ્ર નુ ઉદઘાટન કરવામાં આવેલ જે કેન્દ્ર ના માધ્યમ થી આ વિસ્તાર ના ખેડૂતો ને સારી બ્રાન્ડેડ અને પ્રખ્યાત કંપનીઓ ની દવા ખાતર અને બિયારણો વ્યાજબી ભાવે મળી રહેશે તેમજ ખેતી ની જરૂરિયાત ની સાધન સામગ્રી તેમજ ખેડૂતો ના વિકાસ માટે માહિતી માર્ગદર્શન મળી રહેશે લોકો ને એકજ જગ્યાએ થી ઘણી સર્વિસ સુવિધાઓ મળી રહે એવા ઉદ્દેશ્ય સાથે આ સેન્ટર સરું કરવા માં આવેલ જે કાર્યક્રમ માં ગામના સરપંચશ્રી લેબાજી ઠાકોર, રીલાયન્સ ફાઉન્ડેશન રાધનપુર થી નીરપતસિહ કીરાર, ગૌતમભાઈ શર્મા, વિમલભાઈ તથા સમુનતી માંથી કીરણભાઈ, ચોરાડ ફાર્મર્સ પ્રોડ્યુસર કંપનીના ચેરમેન મહિપતસિહ જાડેજા તથા બનાસ કંપનીની ટીમ અને ૮૦ જેટલા બનાસ કંપની ના સભાસદોની હાજરીમાં રીબીનકાપી, દીપ પ્રાગટ્ય સાથે કેન્દ્ર ની શુભ શરૂઆત કરેલ. આ પ્રસંગે ગૌતમભાઈ એ કેન્દ્રની ઉપયોગીતા તથા સભાસદોને થનાર ફાયદા વીશે સમજણ આપેલ, સમુનતી માંથી આવેલ કીરણભાઈએ ઈફ્કેશ તથા સમુનતી દ્વારા એફપીઓને મળતી યોજનાકીય માહિતી અને મદદની વિગતવાર સમજણ આપેલ, રીલાયન્સના નીરપતસિહ તરફથી આ વિસ્તાર માં છેલ્લા ૮ વર્ષ થી ખેડુતો તથા ખેતી ના વિકાસ સાથે ગ્રામીણ વિકાસ માં બનાસ કંપની અને રીલાયન્સ ફાઉન્ડેશન ની કામગીરી દ્વારા આ વિસ્તારના વિકાસ બાબતે લોકો ને વિસ્તૃત માહીતી આપેલ તથા વિસ્તારના લોકોમાં સંગઠન તથા આધુનિકતા ના અભાવ ની અસરો અને ખેડુતોના ઉત્થાન માટે રીલાયન્સ તથા બનાસ કંપનીએ કરેલ સંગઠનાત્મક કામગીરી ઓ અંગે સમજણ આપેલ. બનાસ કંપની તરફથી કરશનજી જાડેજાએ જણાવેલ કે કોરડા ગામ એ આ વિસ્તારનુ જુનુ વેપાર માટેનુ સેન્ટર હતુ જેને એકવાર ફરી બનાસ કંપની ના માધ્યમ થી વિખ્યાત વેપાર હબ બનાવવા માટે દરેકનો સહયોગ માગેલ. ચોરાડ ફાર્મર્સ કંપનીના ચેરમેન મહિપતસિહ જાડેજાએ આ વિસ્તારમાં રીલાયન્સ ફાઉન્ડેશ જેવી સંસ્થાઓના કારણે વિસ્તારની રોનકમાં આવેલ બદલાવ અંગે વાત કરી હતી એવું બનાસ કંપની ના ડાયરેક્ટર મેરામ ભાઈ આહીર ગોવિંદભાઈ ઠાકોર ની યાદી માં જણાવેલ. આનંદ ઠકકર ડીસા

# કલ્યાણ ચોક નવરાત્રી મહોત્સવ સમિતી દ્વારા આઠમ નુ હવન યોજાયુ



કમલમ દૈનિક, અરવલ્લી

કલ્યાણ ચોક નગર વિકાસ મિત્ર મંડળ દ્વારા ૩૮મા નવરાત્રી મહોત્સવના ચાલુ વર્ષે વૈશ્વિક મહામારી ના લીધે સાદગીપૂર્વક ઉજવણી કરવામા આવી હતી સતત આઠ દિવસ સુધી જગત જનની મા અંબા ના પાવન પર્વ મા સરકાર ની ગાઈડલાઈન મુજબ કલ્યાણ ચોક મા આરતી કરી માતાજી ની આરાધના કરવામા આવી હતી શકિત અને ભકિત ના તહેવાર ની આરાધના કરવામા આવી હતી સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક અને સેનેટાઈઝ ની સુવિધાઓ મંડળ દ્વારા ઉપલબ્ધ કરવામા આવી હતી માતાજી ની આઠમ ના દિવસે પરંપરાગત માતાજીનું હવન યોજાયું હતુ. હવનના યજમાનો પ્રમુખ સૌરભ ત્રિવેદી,ગલુભાઈ સોની અને ચેતન સોનીએ યજ્ઞમાં આહુતિ આપી માં આદ્યશક્તિની આરાધના કરી મહાપર્વનો પરંપરાગત ઉત્સવ મનાવ્યો હતો કલ્યાણ ચોક નવરાત્રી મહોત્સવ ના કન્વીનર ભાવીન ભાવસાર, પ્રમુખ સૌરભ ત્રિવેદી, કેતન ભાઈ ત્રિવેદી, સંજય ભાઈ,હિતેન્દ્રભાઈ જોષી,લાલજીભાઈ,મિતુલ શુક્લ, લલિત દરજી, ધૂમલાભાઈ, ભોલાભાઈ,અલ્પેશભાઈ,કલ્પેશભાઈ મહેન્દ્રસિંહ ,નાણા કમીટી,સ્ટેજ કમીટી અને નવરાત્રિ મહોત્સવ ના કારોબારી સભ્યો એ આઠ દિવસ સુધી કલ્યાણ ચોક મા ઉપસ્થિત રહી સરકાર ની ગાઈડલાઈન નુ ચુસ્ત પણે પાલન કરાવી આરતી નુ ખૂબ સરસ આયોજન કરવામા આવ્યુ હતું.આઠમ ના હવન નિર્મિતે ભુદેવો દ્વારા વૈદિક મંત્રોચાર અને આદ્યશક્તિની આરતી ઉતારી આઠમના હવનનો ઉત્સવ મનાવ્યો હતો અને વર્તમાન વૈશ્વિક મહામારી દૂર થાય તેવી પ્રાર્થના કરવામા આવી હતી.

# કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલાનો લીબડી વિધાનસભા અંતર્ગત ચુંટણી પ્રવાસ યોજાઈ ગયો

**શ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ લીંબડી ખાતે પાટીદાર સમાજના અગ્રણીઓ અને શ્રેષ્ઠીઓ સાથેની બેઠક, બોરાણા ગામ ખાતે જિલ્લા પંચાયતના સંમેલનને અને ચૂડા ખાતે દલવાડી સમાજની વાડીમાં યોજાયેલ જાહેર સભાને સંબોધી હતી.**

**કોંગ્રેસના સમયમાં સરપંચોને ઉપાધિના ઘર તરીકે ઓળખવામાં આવતા હતા. જયારે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં નાનામાં નાની વસ્તુ જે ગામડાની સાથે સંકળાયેલી હોય તે માટેની સહાય કોઈપણ વચેટિયા વિના સરપંચોને આપવામાં આવે છે.**



કમલમ દૈનિક,

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલાનો લીંબડી વિધાનસભા અંતર્ગત ચુંટણી પ્રવાસ યોજાઈ ગયો હતો. આ ચૂંટણી પ્રવાસમાં શ્રી રૂપાલાએ લીંબડી વિધાનસભા સીટના ભાજપાના ઉમેદવાર શ્રી કિરીટસિંહ રાણાના સમર્થનમાં નીલકંઠ વિદ્યાલય, લીંબડી ખાતે પાટીદાર સમાજના અગ્રણીઓ અને શ્રેષ્ઠીઓ સાથેની બેઠક, બોરાણા ગામ ખાતે જિલ્લા પંચાયતના સંમેલનને અને ચૂડા ખાતે દલવાડી સમાજની વાડીમાં યોજાયેલ જાહેર સભાને સંબોધી હતી. આ પ્રસંગે લીંબડી વિધાનસભા સીટ ના પ્રદેશ ઈન્ચાર્જશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા -તાલુકા અને શહેર ભાજપ પ્રમુખ / મહામંત્રીશ્રીઓ નગરપાલિકાના સદસ્યો, ગ્રામ પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને ભાજપા સંગઠનના તમામ શ્રેણીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી રૂપાલાએ કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસના સમયમાં સરપંચોને ઉપાધિના ઘર તરીકે ઓળખવામાં આવતા હતા. જયારે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં નાનામાં નાની વસ્તુ જે ગામડાની સાથે સંકળાયેલી હોય તે માટેની સહાય કોઈપણ વચેટિયા વિના સરપંચોને આપવામાં આવે છે.એટલે કે સરપંચ સરકારની અનેકવિધ યોજનાઓને આગળ ધપાવવાનો સારથિ બન્યો છે કોંગ્રેસના વખતમાં પંચાયતના ખાતે જો કંઈ લેવા જતા તો કોઈ ઉધાર પણ આપતું નહીં આજે એ જ પંચાયતના સરપંચો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની આ મજબૂત સરકારમાં ઊભા થઈને એવું બોલી શકે છે કે અમારા ગામમાં અમારી પંચાયતમાં લાખો રૂપિયા આ નરેન્દ્રભાઈની સરકારે મોકલ્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બન્યા પછી આ કેન્દ્ર સરકારે સરપંચને પૈસા તો આપ્યા તેમજ તે પૈસાનો ગામના વિકાસ માટે ઉપયોગ કરી શકે તેવા અધિકારો પણ આપ્યા છે.કોંગ્રેસીઓ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈનો અને તેમની નીતિઓનો વિરોધ કરે છે. કેમ કે આ જ નરેન્દ્રભાઈ મોદીએ વચેટિયાઓ અને ખેડૂતોને લૂંટતા લોકોને વચ્ચેથી નાબૂદ કરી ભ્રષ્ટાચારના તમામ રસ્તા બંધ કરાવી દીધા છે. કેન્દ્રની અને રાજયની ભાજપા સરકારો દ્વારા સરપંચોને અને ગ્રામ પંચાયતોને લાખો રૂપિયા ગામના વિકાસ માટે સીધા મળી રહ્યા છે. શ્રી રૂપાલાએ અંતમાં લીંબડી વિસ્તારને વિકાસ પથ પર વધુ આગળ ધપાવવા ભાજપા ઉમેદવાર શ્રી કિરીટ સિંહ રાણા ને જંગી બહુમતીથી વિજયી બનાવવા હાકલ કરી હતી.

**કેન્દ્રની અને રાજયની ભાજપા સરકારો દ્વારા સરપંચોને અને ગ્રામ પંચાયતોને લાખો રૂપિયા ગામના વિકાસ માટે સીધા મળી રહ્યા છે.**

**શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બન્યા પછી આ કેન્દ્ર સરકારે સરપંચને પૈસા તો આપ્યા તેમજ તે પૈસાનો ગામના વિકાસ માટે ઉપયોગ કરી શકે તેવા અધિકારો પણ આપ્યા છે.**

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઈ-લોકાર્પિત થયેલા ત્રણેય પ્રકલ્પો ઐતિહાસિક છે, ખેડૂતોનું સન્માન અને ગુજરાતવાસીઓની પ્રતિષ્ઠા વધારતા પ્રકલ્પો છે. -શ્રી સી.આર.પાટીલ

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવેલ 'કિસાન સૂર્યોદય યોજના', યુ.એન.મહેતા હોસ્પિટલને સંલગ્ન દેશની સૌથી મોટી હૃદયરોગ હોસ્પિટલ, અને વિશ્વના સૌથી મોટા ગિરનાર ટેમ્પલ રોપવેના ઈ-લોકાર્પણને આવકારતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ**



**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે કેન્દ્રની કોંગ્રેસ સરકારે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના, ગિરનાર પ્રોજેક્ટ સહિતની મહત્વકાંક્ષી યોજનાઓ આડે રોડા નાખી ગુજરાતના વિકાસને અટકાવવાનું પાપ કર્યું હતું. શ્રી સી.આર.પાટીલ**

**શ્રી નરેન્દ્રભાઈ મોદી જયારથી દેશના પ્રધાનમંત્રી બન્યા છે, ત્યારથી ગુજરાતના વિકાસ માટે એક પછી એક વિવિધ યોજનાઓને મંજૂરી આપી રહ્યા છે ત્યારે, હું ગુજરાતની જનતા વતી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરી તેમને અભિનંદન પાઠવું છું. -શ્રી સી.આર.પાટીલ**

**ભાજપાની સરકાર એ ખેડૂતોની સરકાર છે, 'કિસાન સૂર્યોદય યોજના' ખેડૂતો માટે આશીર્વાદરૂપ સિદ્ધ થશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી. -શ્રી સી.આર.પાટીલ**

**આગામી સમયમાં ચોક્કસપણે હૃદયરોગની સૌથી મોટી હોસ્પિટલમાં રાજ્યની જનતાને અદ્યતન સારવાર મળી રહેશે, આ હોસ્પિટલ રાજ્યની આરોગ્ય સેવામાં મોટું બળ પૂરું પાડશે તેમજ ગિરનારમાં હવે રોપવે કાર્યરત થવાથી ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રને વધુ વેગ મળશે, સહેલાણીઓની સંખ્યા વધશે. -શ્રી સી.આર.પાટીલ**

**જગતના તાત એવા રાજ્યના ખેડૂતોને હવે દિવસે વીજળી મળવાથી રાતના ઉજાગરા બંધ થશે, કડકડતી ઠંડી અને વરસાદમાં રાતે પડતી મુશ્કેલીઓનો અંત આવશે, ખેડૂત હવે દિવસે કામ અને રાત્રે આરામ કરશે. -શ્રી સી.આર.પાટીલ**

કમલમ દૈનિક,

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે વિડીયો કોન્ફરન્સ ના માધ્યમથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવેલ 'કિસાન સૂર્યોદય યોજના', યુ.એન.મહેતા હોસ્પિટલને સંલગ્ન દેશની સૌથી મોટી હૃદયરોગ હોસ્પિટલ, અને વિશ્વના સૌથી મોટા ગિરનાર ટેમ્પલ રોપવેના ઈ-લોકાર્પણને આવકારતા જણાવ્યું હતું કે, આજે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઈ-લોકાર્પિત થયેલા ત્રણેય પ્રકલ્પો ઐતિહાસિક છે, ખેડૂતોનું સન્માન અને ગુજરાતવાસીઓની પ્રતિષ્ઠા વધારતા પ્રકલ્પો છે. શ્રી પાટીલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે કેન્દ્રની કોંગ્રેસ સરકારે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના, ગિરનાર પ્રોજેક્ટ સહિતની મહત્વકાંક્ષી યોજનાઓ આડે રોડા નાખી ગુજરાતના વિકાસને અટકાવવાનું પાપ કર્યું હતું. પરંતુ શ્રી નરેન્દ્રભાઈ મોદી જયારથી દેશના પ્રધાનમંત્રી બન્યા છે ત્યારથી ગુજરાતના વિકાસ માટે એક પછી એક વિવિધ યોજનાઓને મંજૂરી આપી રહ્યા છે ત્યારે, હું ગુજરાતની જનતા વતી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરી તેમને અભિનંદન પાઠવું છું.શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ભાજપાની સરકાર એ ખેડૂતોની સરકાર છે, 'કિસાન સૂર્યોદય યોજના' ખેડૂતો માટે આશીર્વાદરૂપ સિદ્ધ થશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી. જગતના તાત એવા રાજ્યના ખેડૂતોને હવે દિવસે વીજળી મળવાથી રાતના ઉજાગરા બંધ થશે, કડકડતી ઠંડી અને વરસાદમાં રાતે પડતી મુશ્કેલીઓનો અંત આવશે, ખેડૂત હવે દિવસે કામ અને રાત્રે આરામ કરશે. સૌર ઉર્જાથી દિવસે ઉતપન્ન થતી વીજળીનો દિવસે જ વપરાશ થશે. આજરોજથી જ ગીર સોમનાથ, જૂનાગઢ અને દાહોદ જિલ્લાના ૧ હજારથી વધુ ગામડાઓના ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે અને આગામી ૩ વર્ષમાં સમગ્ર રાજ્યના ગામડાઓને આ યોજનામાં આવરી લેવામાં આવનાર છે ત્યારે હું રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલને ખેડુતહિતનો વધુ એક ઐતિહાસિક નિર્ણય કરવા બદલ અભિનંદન પાઠવું છું.શ્રી પાટીલે જણાવ્યું હતું કે, દેશની સૌથી મોટી હૃદયરોગની હોસ્પિટલ અને વિશ્વનું સૌથી મોટું ગિરનાર ટેમ્પલ રોપવે હવે ગુજરાતમાં છે, આ દરેક ગુજરાતી માટે ગૌરવ લેવાની બાબત છે. આગામી સમયમાં ચોક્કસપણે હૃદયરોગની આ સૌથી મોટી હોસ્પિટલમાં રાજ્યની જનતાને અદ્યતન સારવાર મળી રહેશે, આ હોસ્પિટલ રાજ્યની આરોગ્ય સેવામાં મોટું બળ પૂરું પાડશે તેમજ ગિરનારમાં હવે રોપવે કાર્યરત થવાથી ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રને વધુ વેગ મળશે, સહેલાણીઓની સંખ્યા વધશે.

## સુરતમાં ભાજપાની સભામાં ઈંડું ફેંકનાર વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે,જે સુરતના કોંગ્રેસના કોર્પોરેટરના પતિ અને કોંગ્રેસના કાર્યકર છે, કોંગ્રેસનો કાળો ચહેરો આજે વધુ એક વખત ખુલ્લો પડી ગયો છે. -શ્રી પ્રશાંત વાળા



**ગુજરાતની શાણી અને સમજુ જનતાએ આ કાળી કોંગ્રેસને ઓળખી લીધી છે, કોંગ્રેસના બદઈરાદા ક્યારેય પાર નહીં પડે. -શ્રી પ્રશાંત વાળા**

**ભાજપાને ચૂંટણીની સીધી લડાઈમાં કોંગ્રેસ પહોંચી શકે તેમ નથી, કોંગ્રેસ પાસે કોઈ મુદ્દાઓ નથી, કોઈ નેતૃત્વ નથી, માટે વારંવાર આવી નિમ્નકક્ષાની હરકતો ઉપર ઉતરીને યેનકેન પ્રકારે ગુજરાતની શાંતિ ડહોળવાના કુપ્રયાસો કોંગ્રેસ કરી રહી છે. -શ્રી પ્રશાંત વાળા**

**કોંગ્રેસ આ પ્રકારના કાળા ધંધા બંધ કરે, નકારાત્મકતા અને અરાજકતા ફેલાવવાનું બંધ કરે, કોંગ્રેસના આવા કૃત્યોને કારણે જ ગુજરાતની જનતાએ ૨૫ વર્ષથી તેને સત્તાથી દૂર રાખી છે અને હજુ આગામી ૫૦ વર્ષો સુધી પણ જનતા કોંગ્રેસને માફ નહી કરે. -શ્રી પ્રશાંત વાળા**

કમલમ દૈનિક,

ગુજરાત ભાજપા મીડિયા વિભાગના પ્રદેશ કન્વીનરશ્રી પ્રશાંત વાળાએ જણાવ્યું હતું કે, આજે મીડિયાના માધ્યમથી માહિતી મળી છે કે, સુરતમાં ભાજપાની સભામાં ઈંડું ફેંકનાર વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે, આ વ્યક્તિ સુરતના કોંગ્રેસના કોર્પોરેટરના પતિ અને કોંગ્રેસના કાર્યકર છે. ભાજપાએ આગળ પણ કહ્યું હતું, આ પ્રકારના કાળા કામ કોંગ્રેસના જ છે, કોંગ્રેસનો કાળો ચહેરો આજે વધુ એક વખત ખુલ્લો પડી ગયો છે. શ્રી વાળાએ જણાવ્યું હતું કે, ભાજપાને ચૂંટણીની સીધી લડાઈમાં કોંગ્રેસ પહોંચી શકે તેમ નથી, કોંગ્રેસ પાસે કોઈ મુદ્દાઓ નથી, કોઈ નેતૃત્વ નથી, માટે વારંવાર આવી નિમ્નકક્ષાની હરકતો ઉપર ઉતરીને યેનકેન પ્રકારે ગુજરાતની શાંતિ ડહોળવાના કુપ્રયાસો કોંગ્રેસ કરી રહી છે. ભૂતકાળમાં પણ કોંગ્રેસે જ્ઞાતિ-જાતિ વચ્ચે વેર-ઝેર ફેલાવી શાંત અને સલામત ગુજરાતની શાંતિ ડહોળવાના પ્રયાસો કરેલા, પરંતુ ગુજરાતની શાણી અને સમજુ જનતાએ આ કાળી કોંગ્રેસને ઓળખી લીધી છે, કોંગ્રેસના બદઈરાદા ક્યારેય પાર પડવા દીધા નથી. શ્રી વાળાએ કોંગ્રેસને ચેતવણી આપતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ આ પ્રકારના કાળા ધંધા બંધ કરે, નકારાત્મકતા અને અરાજકતા ફેલાવવાનું બંધ કરે, કોંગ્રેસના આવા કૃત્યોને કારણે જ ગુજરાતની જનતાએ ૨૫ વર્ષથી તેને સત્તાથી દૂર રાખી છે.આગામી ૫૦વર્ષોમાં પણ ગુજરાતની જનતા ક્યારેય કોંગ્રેસને માફ કરવાની નથી.




કમલમ દૈનિક,અજય ખત્રી

આદ્યશક્તિની આરાધનાનો પર્વ એટલે નવરાત્રી આ નિમિત્તે માંડવી કચ્છ મધ્યે હિન્દુ યુવા સંગઠન દ્વારા યોજાતી નવરાત્રી માં કુમારીકા ઓનું વિધિવત પૂજન કરી આશિષ લઈ યુનિટી ગ્રુપ માંડવી દ્વારા ભેટ અર્પણ કરાઈ આ પ્રસંગે પારસ માલમ ,મહેશ ગોસ્વામી,કમલેશ ગોસ્વામી, જગદીશ ગોસ્વામી,સંદીપબાપુ (નનીભાઈ બેકરીવાળા), બંટી માલમ, મહેન્દ્ર માલમ (ડાંગી) સાથે હિન્દુ યુવા સંગઠન માંડવી ના રઘુવીરસિંહ જાડેજા સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# કોંગ્રેસીઓ જૂઠ્ઠાણા ફેલાવવામાં અને ગોબેલ્સ પ્રચારમાં માહિર છે. – શ્રી સી. આર. પાટીલ

## ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલનો અબડાસા વિધાનસભા સીટ અંતર્ગત ચૂંટણી પ્રવાસ યોજાયો



**કોઈપણ ક્રિમિનલ કે સિવિલ કેસ મારી પર ચાલતો હોય તેવું આક્ષેપ કરનારા સાબિત કરી આપે તો હું મારું સાંસદપદ છોડવા તૈયાર છું અન્યથા આક્ષેપો કરનાર જાહેર જીવન અને રાજકારણ છોડે.- શ્રી સી. આર. પાટીલ**

**ભાજપા કિસાન મોરચા દ્વારા શ્રી સી. આર. પાટીલની ફળતુલા કરવામાં આવી હતી અને ત્યારબાદ તેઓએ યુવા મોરચાના કાર્યકર્તાઓ સાથેની બેઠક અને કાર્યકર્તા સંમેલનને સંબોધ્યા હતા.આ ઉપરાંત તેઓએ કચ્છના સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, ભાજપ સંગઠનના અગ્રણીઓ સાથેની બેઠકમાં ચૂંટણી વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપ્યું હતું.**

**જે લોકો કોંગ્રેસમાં જોડાયાને હજુ ચાર દિવસ માંડ થયા છે, કોંગ્રેસનો પુરો ઈતિહાસ પણ જાણતા નથી. તેવા લોકોએ વર્ષોથી કોંગ્રેસના બની બેઠેલા વિદેશી અધ્યક્ષ વિશેના સવાલનો જવાબ જનતાને આપવો જોઈએ. - શ્રી સી. આર. પાટીલ**

**તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તે વખતે કચ્છને તમામ મોરચે સહાય કરીને વિકાસની રાહ પર આગળ વધારવા કરેલા દ્રઢ નિર્ધાર અને ખમીરવંતા,મહેનતકશ કચ્છી લોકોની ખુમારીના કારણે આજે કચ્છ સમગ્ર ગુજરાત અને દેશમાં સૌથી ઝડપથી વિકાસ પથ પર આગળ વધી રહ્યું છે. - શ્રી સી. આર. પાટીલ**

**કોંગ્રેસે ફક્ત ગરીબી હટાવવાના સૂત્રો આપ્યા કોંગ્રેસીઓની ગરીબી હટી ગઈ પણ ગરીબ માણસોને ગરીબી ન હટી. – શ્રી સી. આર. પાટીલ**

**ભાજપાના પ્રદેશથી લઈને બુથ સુધી મજબૂત સંગઠન માળખું ધરાવે છે. ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા સ્થાનિક સ્વરાજની ચૂંટણીથી લઈને સંસદની ચૂંટણીમાં એક યોદ્ધાની જેમ સક્રિય હોય છે. શ્રી સી. આર. પાટીલ**

**કોંગ્રેસે કરેલા ભ્રષ્ટાચારના કારણે ગરીબ વધુ ગરીબ થતાં ગયા. કોંગ્રેસે પોતાના શાસન દરમિયાન દેશને લૂંટવાનું અને હવા, પાણી અને જમીનમાંથી માત્ર ને માત્ર પૈસા ઉભા કરવાનું કાર્ય કર્યું છે. – શ્રી સી.આર.પાટીલ**

કમલમ દૈનિક,

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે ૨૪ ઓકટોબરના રોજ ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલનો અબડાસા વિધાનસભા સીટ અંતર્ગત ચૂંટણી પ્રવાસ યોજાયો હતો. શ્રી સી.આર પાટીલ અબડાસા વિધાનસભા સીટના ભાજપના ઉમેદવાર શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાના સમર્થનમાં આ ચૂંટણી પ્રવાસ દરમિયાન ઉમા વિદ્યાલય, નખત્રાણા ખાતે જુદી-જુદી શ્રેણીબદ્ધ બેઠકોમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કિસાન મોરચા દ્વારા શ્રી સી. આર. પાટીલની ફળતુલા કરવામાં આવી હતી અને ત્યારબાદ તેઓએ યુવા મોરચાના કાર્યકર્તાઓ સાથેની બેઠક અને કાર્યકર્તા સંમેલનને સંબોધ્યા હતા. આ ઉપરાંત તેઓએ કચ્છના સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, ભાજપ સંગઠનના અગ્રણીઓ સાથેની બેઠકમાં ચૂંટણી વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ સમગ્ર બેઠકોમાં તેમની સાથે પ્રદેશ મહામંત્રી અને ઉત્તર ગુજરાત ના પ્રભારી શ્રી કે. સી. પટેલ,સિનિયર કેબિનેટ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, મંત્રીશ્રી વાસણભાઈ આહિર, પ્રદેશ ભાજપા મંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલા, કચ્છના સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા ધારાસભ્યશ્રીઓ નીમાબેન આચાર્ય, વિરેન્દ્રસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી સહિતના સ્થાનિક ભાજપ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી પાટીલે આ બેઠકને સંબોધતા જણાવ્યું હતું કે ભાજપાના પ્રદેશથી લઈને બુથ સુધી મજબૂત સંગઠન માળખું ધરાવે છે. ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા સ્થાનિક સ્વરાજની ચૂંટણીથી લઈને સંસદની ચૂંટણીમાં એક યોદ્ધાની જેમ સક્રિય હોય છે. ચૂંટણી વ્યવસ્થાપનમાં સામેલ પ્રત્યેક કાર્યકર્તા અને પ્રત્યેક પ્રવિધી અગત્યના હોય છે તેમાંથી એક પણ બાબતને ગૌણ ન સમજવા જોઈએ. શ્રી પાટીલે જણાવ્યું હતું કે આજે ભાજપા વિશ્વનું સૌથી મોટું રાજકીય સંગઠન બન્યુ છે તે માત્ર ને માત્ર કાર્યકર્તાઓની નિષ્ઠા અને સમર્પિતતાને આભારી છે ભાજપાએ હંમેશા સંગઠનને સેવાનું માધ્યમ બનાવ્યું છે.

નાગરિકોની પ્રત્યેક મુશ્કેલીઓમાં ભાજપાના દરેક કાર્યકર્તાઓ ખભે ખભો મિલાવીને અડીખમ ઊભા રહ્યા છે. શ્રી પાટીલે કચ્છી માડુઓના ખમીરને બિરદાવતા કહ્યું હતું કે આ કચ્છ પ્રદેશના લોકોની ખુમારી જ છે જેના લીધે ભૂકંપ બાદ કચ્છ બમણાં વેગથી બેઠું થયું છે. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તે વખતે કચ્છને તમામ મોરચે સહાય કરીને વિકાસની રાહ પર આગળ વધારવા કરેલા દ્રઢ નિર્ધાર અને તેને આનુષંગિક લીધેલા નિર્ણયો અને નીતિઓના કારણે આજે કચ્છ સમગ્ર ગુજરાત અને દેશમાં સૌથી ઝડપથી વિકાસ પામી રહ્યું છે. શ્રી પાટિલે કહ્યું હતું કે કોંગ્રેસે ફક્ત ગરીબી હટાવવાના સૂત્રો આપ્યા કોંગ્રેસીઓની ગરીબી હટી ગઈ પણ ગરીબ માણસોને ગરીબી ન હટી. કોંગ્રેસે કરેલા ભ્રષ્ટાચારના કારણે ગરીબ વધુ ગરીબ થતાં ગયા. કોંગ્રેસે પોતાના શાસન દરમિયાન દેશને લૂંટવાનું અને હવા, પાણી અને જમીનમાંથી માત્ર ને માત્ર પૈસા ઉભા કરવાનું કાર્ય કર્યું છે. દેશના નાગરિકોનું ભલું થાય એવી એક પણ યોજના કોંગ્રેસે બનાવી હોય તેવો દાખલો આજદિન સુધી જોવા મળ્યો નથી.

શ્રી સી. આર. પાટીલે કોંગ્રેસના જુઠ્ઠા અને બેબુનિયાદ આક્ષેપોનો સણસણતો જવાબ આપતાં જણાવ્યું હતું કે કોંગ્રેસીઓ જૂઠ્ઠાણા ફેલાવવામાં અને ગોબેલ્સ પ્રચારમાં માહિર છે. તેમના પર પર અસંખ્ય કેસ ચાલવાના આક્ષેપ વિશે તેમણે કહ્યું હતું કે જો કોઈપણ ક્રિમિનલ કે સિવિલ કેસ મારી પર ચાલતો હોય તેવું આક્ષેપ કરનારા સાબિત કરી આપે તો હું મારું સાંસદપદ છોડવા તૈયાર છું. અન્યથા આક્ષેપો કરનાર જાહેર જીવન અને રાજકારણ છોડે. આ ઉપરાંત તેઓએ કહ્યું કે જે લોકો કોંગ્રેસમાં જોડાયાને હજુ ચાર દિવસ માંડ થયા છે, કોંગ્રેસનો પુરો ઈતિહાસ પણ જાણતા નથી. તેવા લોકોએ વર્ષોથી કોંગ્રેસના બની બેઠેલા વિદેશી અધ્યક્ષ વિશેના સવાલનો જવાબ જનતાને આપવો જોઈએ.

# ગોધરા પ્રાથમિક ગ્રુપ શાળામાં નવરાત્રિના પવિત્ર તહેવાર નિમિતે દાતાઓ તરફથી ડ્રેસ વિતરણ કરવામાં આવ્યા








કમલમ દૈનિક.અજય ખત્રી


ગોધરા પ્રાથમિક શાળામાં દાતાઓ શ્રી અશ્વિનભાઈ માધવજી ચંદન અને ડીમ્પલબેન જીગરભાઈ ચંદન તરફથી શાળાની બાળકીઓને નવરાત્રિના પવિત્ર તહેવાર નિમિતે ડ્રેસ વિતરણ કરવામાં આવ્યા હતા . આ પ્રસંગે મા ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી ભરતભાઈ બારૂ તરફથી શાળાના તમામ ૪૫૦ બાળકોને બાળકદીઠ ૬ ફુલસ્કેપ નોટબુક આપવાની જાહેરાત કરવામાં આવી હતી . આ પ્રસંગે કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિના પ્રમુખશ્રી અરવિંદભાઈ જોષી , શ્રી ગોધરા જૈન મહાજનના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ મોતા , શ્રી ધીરેનભાઈ ગાલા , શ્રી મામદભાઈ સીદી , શ્રી સલીમભાઈ ચાકી , શ્રી ઉષાકાંતભાઈ પંડયા , હાસ્ય કલાકાર શ્રી પીયુષ મારાજ , શ્રી રાજેશભાઈ બુચિયા ઉપસ્થિત રહીને દાતાઓની દિલેરી અને ભાવનાને બિરદાવી હતી . પધારેલ સૌ મહેમાનોને શાબ્દિક આવકાર શાળાના શિક્ષિકા ધર્મિષ્ઠાબેન દેસાઈએ આપ્યો હતો . શાળા તરફથી દાતાશ્રીઓનું સાલ , પુસ્તક અને આભારપત્ર આપીને બહુમાન કરવામાં આવ્યું હતું . દાતાઓ અશ્વિનભાઈ ચંદન , ડીમ્પલબેન ચંદન , ભરતભાઈ બારૂના વરદ્ હસ્તે મહિલા વાલીઓને ડ્રેસનું પ્રતિકવિતરણ કરવામાં આવ્યું હતું . આ પ્રસંગે શ્રી ચંદ્રકાંતભાઈ મોતાએ જણાવ્યું હતું કે " અશ્વિનભાઈ અને તેમના પરિવારે બાળકીઓને ડ્રેસ આપીને નવરાત્રિના પાવન પર્વની સાચી આરાધના કરી છે . " સંકલનકર્તાશ્રી અરવિંદભાઈ જોષીએ અશ્વિનભાઈ અને તેમના પરિવારના શિક્ષણ , આરોગ્ય અને સરહદે દેશની રક્ષા કરતા સૈનિકોની સેવા માટે હંમેશાશ્રી અશ્વિનભાઈચંદન પરિવાર ખુબ ઉપયોગી રહ્યાની વાત કરી હતી . " બાળકો ઈશ્વરીય સ્વરૂપ છે . વિદ્યાદાનથી સમાજની તસવીર અને તાસીર બદલી શકાય છે " એ વાત કરીને તમામ બાળકોને ૬ ફુલસ્કેપ નોટબુકની જાહેરાત મા ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન ભરતભાઈ બારૂ ( નરા , લખપત - કચ્છ ) એ જાહેરાત કરી હતી . કાર્યક્રમને સફળ બનાવવા ગોધરા ગ્રુપ શાળા સ્ટાફે જહેમત ઉઠાવી હતી . સહયોગી તમામ દાતાઓનો આભાર શાળાના શિક્ષિકા શ્રીમતી ડીમ્પલબેન સોનીગ્રાએ માન્યો હતો . સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય સતારભાઈ મારાએ કર્યુ હતું .

# ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬ ઓક્ટોબરથી ટેકાના ભાવે મગફળી ખરીદાશે









કમલમ દૈનિક, ગીર સોમનાથ

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦ ખરીફ સીઝનમાં રાજ્યભરની સાથે ગીર સોમનાથ જિલ્લામાં તા.૨૬ ઓકટોબરથી ૯૦ દિવસ સુધી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવામાં આવશે. પ્રતિ કવિન્ટલે રૂા.૫૨૭૫ અને પ્રતિ મણના રૂા.૧૦૫૫ ટેકાના ભાવેથી મગફળીની રાજ્યભરમાં ખરીદી કરવામાં આવનાર છે.વેરાવળ તાલુકાના કાજલી માર્કેટીંગ યાર્ડખાતે ૨ ખરીદ સેન્ટર, તાલાળા માર્કેટીંગ યાર્ડ ખાતે ૧ ખરીદ સેન્ટર, સુત્રાપાડા તાલુકાના પ્રાંસલી માર્કેટીંગ યાર્ડ ખાતે ૨ ખરીદ સેન્ટર, કોડીનાર તાલુકાના બિલેશ્રવર સુગર ફેકટરી ખાતે ૨ ખરીદ સેન્ટર, ઉના એ.પી.એમ.સી.સેન્ટર ખાતે ૧ ખરીદ સેન્ટર, અને ગીર ગઢડા તાલુકાના ૧ ખરીદ સેન્ટર સહિત જિલ્લામાં કુલ ૯ ખરીદ સેન્ટર ખાતેથી મગફળીની ખરીદી કરવામાં આવશે. દરેક મગફળી ખરીદી સેન્ટર પર વહીવટીતંત્ર દ્વારા વિડિયોગ્રાફી અને સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. રજીસ્ટ્રેશન થયેલ ખેડૂતોને એસ.એમ.એસ. દ્વારા તારીખ અને સમયથી જાણ કર્યા બાદ તેઓએ નોંધણી સ્લીપ સાથે મગફળી ખરીદ સેન્ટર પર લાવવાની રહેશે. ગીર સોમનાથ જિલ્લામાં મગફળીનું વાવેતર ૧,૦૩,૫૦૦ હેકટરમાં વાવેતર થયું છે. જિલ્લામાં ૨૧ હજારથી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચાણનું રજીસ્ટ્રેશન કરાવ્યું છે.કોવિડ-૧૯ની પરિસ્થિતિને અનુરૂપ સરકારશ્રીની વખતોવખતની સુચનાઓ અનુસાર સામાજીક અંતર જળવાય રહે તે મુજબ જિલ્લા વહીવટીતંત્રએ તમામ પ્રકારની તૈયારીઓ હાથ ધરી છે. ટેકાના ભાવે મગફળી વેચાણ અંગે ખેડૂત મિત્રોને કોઈ પ્રશ્ન્ન હોય તો જિલ્લાકક્ષાએ કાર્યરત કંટ્રોલરૂમ/હેલ્પલાઈન નંબર.૦૨૮૭૬-૨૮૫૦૬૩ પર સંપર્ક કરવા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી ગીર સોમનાથની યાદીમાં જણાવાયું છે.




# પ્રધાનમંત્રી સતર્કતા અને ભ્રષ્ટાચાર વિરોધ અંગેની રાષ્ટ્રીય પરિષદનું ઉદ્‌ઘાટન કરશે

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૭ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ સાંજે ૪.૪૫ કલાકે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સતર્કતા અને ભ્રષ્ટાચાર વિરોધ અંગેની રાષ્ટ્રીય પરિષદ 'સતર્ક ભારત, સમૃદ્ધ ભારતહ્લનું ઉદ્‌ઘાટન કરશે. આ પરિષદના ઉદ્‌ઘાટન સમારોહનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે અને અહીં આપેલ લિંક પર તેને નિહાળી શકાશે. https://pmindiawebcast.nic.in/. ભારતમાં કેન્દ્રીય અન્વેષણ બ્યૂરોના ઉપક્રમે દર વર્ષે ૨૭ ઓક્ટોબરથી ૨ નવેમ્બર દરમિયાન ઉજવાતા 'સતર્કતા જાગૃતિ સપ્તાહહ્લના ઉપલક્ષમાં રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવે છે. આ પરિષદમાં યોજવામાં આવતી પ્રવૃત્તિઓમાં સતર્કતા સંબંધિત મુદ્દાઓ કેન્દ્ર સ્થાને હોય છે જેનો ઉદ્દેશ લોકોમાં જાગૃત્તિનો પ્રસાર કરવાનો અને લોકભાગીદારી દ્વારા સાર્વજનિક જીવનમાં અખંડતા અને પ્રામાણિકતાને પ્રોત્સાહન આપવાની ભારતની પ્રતિબદ્ધતાનો પુનરુચ્ચાર કરવાનો હોય છે. આ ત્રણ દિવસીય પરિષદમાં વિદેશી ન્યાયક્ષેત્રોમાં તપાસ સંબંધિત પડકારો; ભ્રષ્ટાચાર વિરુદ્ધ પદ્ધતિસર અંકુશ માટે નિવારાત્મક સતર્કતા; આર્થિક સમાવેશિતા માટે પદ્ધતિસર સુધારા અને બેંકોના કૌભાંડો રોકવા; વિકાસના એન્જિન તરીકે અસરકારક ઓડિટ; ભ્રષ્ટાચાર વિરોધી લડતને વેગ આપવા માટે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમમાં તાજેતરમાં કરવામાં આવેલા સુધારા; ક્ષમતા નિર્માણ અને તાલીમ; ઝડપી અને વધુ અસરકારક તપાસ સક્ષમકર્તા તરીકે બહુવિધ એજન્સી સંકલન; આર્થિક ગુનાખોરીમાં ઉભરતા વલણો, સાઈબર ગુના અને આંતરરાષ્ટ્રીય સુનિયોજિત ગુનાખોરી-નિયંત્રણમાં લેવાના પગલાં અને ગુના અન્વેષણ એજન્સીઓ વચ્ચે શ્રેષ્ઠ કામગીરીઓનું આદાનપ્રદાન જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ પરિષદમાં નીતિ ઘડનારાઓ અને પ્રેક્ટિશનરો એક સહિયારા મંચ પર આવશે અને પદ્ધતિસર સુધારા તેમજ નિવારાત્મક સતર્કતા પગલાંઓ દ્વારા ભ્રષ્ટાચાર નાથવાના સક્ષમકર્તાઓ તરીકે કામ કરશે જેથી સારા સુશાસન અને જવાબદારીપૂર્ણ પ્રશાસનની શરૂઆત થઈ શકે.

ભારતમાં ઈઝ ઓફ ડુઈંગને સક્ષમ કરવા માટે આ નોંધપાત્ર યોગદાનકર્તા પરિબળ છે. કેન્દ્રીય રાજ્યમંત્રી (સ્વતંત્ર પ્રભાર), પૂર્વોત્તર પ્રદેશ વિકાસ (DoNER), MoS PMO, કાર્મિક, જાહેર ફરિયાદ, અણુ ઉર્જા અને અવકાશ, ડૉ. જીતેન્દ્રસિંહ આ પ્રસંગે પ્રારંભિક સત્રમાં સંબોધન આપશે. આ પરિષદમાં રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી ભ્રષ્ટાચાર વિરોધી બ્યૂરો, સતર્કતા બ્યૂરો, આર્થિક ગુનાખોરી શાખા/CIDના વડાઓ; COV, CBIના અધિકારીઓ અને વિવિધ કેન્દ્રીય એજન્સીઓના પ્રતિનિધિઓ ભાગ લેશે. ઉદ્‌ઘાટન સત્રમાં રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને DGsP પણ ઉપસ્થિત રહેશે.

# પ્રધાનમંત્રી ૨૭ ઓક્ટોબરના રોજ ઉત્તરપ્રદેશના પીએમ સ્વનિધિ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કરશે



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૭ ઓક્ટોબરના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે ઉત્તર પ્રદેશના પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાના લાભાર્થીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સંવાદ કરશે. આ પ્રસંગે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહેશે. પ્રધાનમંત્રી શેરી વિક્રેતાઓની આત્મનિર્ભર નિધિ (પીએમ સ્વનિધિ) યોજના ૧ જૂન, ૨૦૨૦ના રોજ કોવિડ -૧૯ દ્વારા અસરગ્રસ્ત, ગરીબ શેરી વિક્રેતાઓને આજીવિકા પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવામાં મદદ કરવા માટે શરૂ કરવામાં આવી હતી. આજદિન સુધીમાં આ યોજના હેઠળ કુલ ૨૪ લાખથી વધુ અરજીઓ મળી છે, જેમાંથી ૧૨ લાખથી વધુ અરજીઓને મંજૂરી આપવામાં આવી છે અને ૫.૩૫ લાખ જેટલી લોનનું વિતરણ કરવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશ રાજ્યમાંથી ૬ લાખથી વધુ અરજીઓ નોંધવામાં આવી છે. જેમાંથી લગભગ ૩.૨૭ લાખને મંજૂરી આપવામાં આવી છે અને ૧.૮૭ લાખ લોનનું વિતરણ કરવામાં આવ્યું છે. ઉત્તરપ્રદેશમાંથી યોજનાના તમામ લાભાર્થીઓ આ સંવાદના સાક્ષી બનશે. તેનું ડીડી ન્યૂઝ ઉપર જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે.











# મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી એ ૫ લાખ ચોરસ મીટર જમીન પર આકાર લેનારા સરદાર ધામ – મધ્ય ગુજરાત પ્રોજેક્ટ નો કરાવ્યો શુભારંભ

**નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ ઓનલાઇન કાર્યક્રમમાં જોડાયાં...એકસો કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ સાકાર કરાશે....**

**જમીન કપાતમાં રાહત આપી સરકારે આ પ્રોજેક્ટમાં રૂ.૫૦ કરોડનું યોગદાન આપ્યું એવો હિસાબ હું કરતો નથી...સરકાર સમાજ માટે કામ કરનારી સંસ્થાઓની હંમેશા પડખે રહે છે: મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી...**


- **કોરોના કાળમાં રાજ્યની વિકાસ યાત્રા ચેતનવંતી રાખી રૂ.૧૩૦૦૦ કરોડના વિકાસ કામોને ઓનલાઈન બહાલી આપી આગળ ધપાવ્યા છે.**
- **કોરોના ની રસી મળે ત્યાં સુધી સોશીયલ ડિસ્ટન્સ પાળવા સહિતની તકેદારીઓ જ બચાવનો વિકલ્પ છે...ગરબા ન યોજવાના સરકારના નિર્ણય ને ટેકો આપવા માટે રાજ્યની પ્રજાનો આભાર**
- **સંવેદનશીલ રાજ્ય સરકાર એકમાત્ર વિકાસના લક્ષ્ય સાથે આગળ વધી રહી છે.. ગુજરાતના વિકાસ થી દેશનો વિકાસ એ જ આપણો મંત્ર છે**

કમલમ દૈનિક,

રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી એ જણાવ્યું કે સરકાર સમાજ માટે,શિક્ષણ માટે,આરોગ્ય માટે અને સમાજના ઘડતર માટે કામ કરનારી સંસ્થાઓ ની હંમેશા પડખે રહેશે અને પ્રોત્સાહિત કરશે. મધ્ય ગુજરાત સરદાર ધામ માટે જમીનની ૪૦ ટકા કપાત ને બદલે ફક્ત ૧૦ ટકા કપાતની રાહત આપીને સરકારે આ પ્રોજેક્ટમાં રૂ.૫૦ કરોડનું યોગદાન આપ્યું એ તમારું ગણિત છે.હું આવા દાખલા માંડતો નથી.સરકારે કોઈ ઉપકાર કર્યો નથી.તમે સમાજ માટે,સમાજ વિકાસ દ્વારા રાષ્ટ્ર વિકાસ માટે કામ કરો છો ત્યારે તમને મદદ કરવાની રાજ્ય સરકારની જવાબદારી છે એમ તેમણે ઉમેર્યું હતું. રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી એ વડોદરા નજીક અંખોલ ગામની સીમમાં ૫ લાખ ચોરસ મીટર જમીનમાં રૂ.૧૦૦ કરોડના ખર્ચે સાકાર થનારા મિશન ૨૦૨૬ હેઠળ આયોજિત સરદાર ધામ મધ્ય ગુજરાત પ્રોજેક્ટ નો શુભારંભ કરાવ્યો હતો.સરદાર ધામ પબ્લિક ટ્રસ્ટ આયોજિત આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ ઓનલાઈન જોડાયાં હતા. આ પ્રોજેક્ટમાં સામાજિક,શૈક્ષણિક અને આર્થિક સમાજ ઉત્કર્ષલક્ષી પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની રહેનાર સરદાર ભવનના નિર્માણ સહિતના વિવિધ પ્રયોજનો નો સમાવેશ થાય છે.સંસ્થા દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ ને ભારતીય સનદી સેવા પરીક્ષાની નિશુલ્ક તાલીમ,શિક્ષણ માટે લોન ,વ્યાપાર ઉદ્યોગને ઉત્તેજન માટે પાટીદાર ગ્લોબલ સમિટ નું આયોજન સહિત સમાજ ઘડતરની અને સમાજના યુવાનો ને શિક્ષિત,દીક્ષિત અને વિકસિત કરવા માટેની વિવિધતાસભર પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ના હસ્તે સંસ્થા વતી કીમતી જમીનોનું સરદાર ધામ માટે દાન આપનારા દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી ના નેતૃત્વ હેઠળ ગુજરાતે કોવિડ કટોકટીનો સફળ મુકાબલો કર્યો છે.તે સહિતની યશસ્વી સિદ્ધિઓ માટે સંસ્થા દ્વારા મુખ્યમંત્રીશ્રી નું ભાવસભર અભિવાદન અને સન્માન કરવામાં આવ્યું હતું. કોવિડ કટોકટી અને લોક ડાઉન પછીનો આ મારો પ્રથમ જાહેર કાર્યક્રમ છે તેવા ઉલ્લેખ સાથે તેમણે આ કાર્યક્રમ કોવિડ નિયમો પાળી યોજવા માટે સંસ્થાને ધન્યવાદ આપ્યાં હતા. સરદાર ધામ સરદાર સાહેબના જીવનમાં થી પ્રેરણા લઈ ,એક રાષ્ટ્ર - શ્રેષ્ઠ રાષ્ટ્રના સૂત્રને અનુસરીને સમાજ નિર્માણ થી રાષ્ટ્ર નિર્માણના ઉમદા ધ્યેય સાથે કામ કરે છે તેવી લાગણી વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સામાજિક પુનરુત્થાન થી રાષ્ટ્રીય પુનરુત્થાન,સમાજ ના કલ્યાણ,રાષ્ટ્રના કલ્યાણ માટે કામ કરવું એ સહુની જવાબદારી છે. સરદાર ધામ સંસ્થા અંધ શ્રદ્ધા અને સામાજિક કુરિવાજો છોડવા,ખોટા ભપકા અને કૌટુંબિક પ્રસંગો માં મોટો ખર્ચ ટાળવો અને આ રકમ સમાજ માટે વાપરવી જેવા પંચ મંત્ર સાથે કામ કરે છે, એ ભાવના ને વધાવતા મુખ્યમંત્રીશ્રી એ કહ્યું કે ,આજે ક્રાઈસિસ ઓફ કેરેક્ટર જોવા મળે છે,વિશ્વાસ ડગી જાય તેવા સમયે સમાજનો વિશ્વાસ જીતીને આ સંસ્થાએ આગવી વિશ્વસનીયતા ઊભી કરી છે.આ સંસ્થાના કામને સરદાર સાહેબની સાથે ઈશ્વર ના આશીર્વાદ મળ્યા છે. સમાજ માટે,દેશ માટે કામ કરવું એ ઈશ્વરીય કામ છે,એમાં ક્યારેય નાણાં નો અભાવ પડતો નથી કે રૂકાવટ આવતી નથી.સરદાર ધામ ના કામમાં એનો દાખલો જોવા મળે છે .

કોરોના ના સંકટ કાળમાં પણ રાજ્ય સરકારે ગુજરાતની વિકાસ યાત્રા અવિરત ચાલુ રાખી છે અને રૂ.૧૩૦૦૦ કરોડના વિકાસ કામો ને ઓનલાઈન બહાલી આપી,શરૂ કરાવી વિકાસ યાત્રાને વેગ આપ્યો છે એમ તેમણે જણાવ્યું હતું.કોરોના હારશે ગુજરાત જીતશે ના મંત્રને યાદ કરતાં તેમણે કહ્યું કે આજે રાજ્યમાં રિકવરી નું પ્રમાણ વધીને ૯૦ ટકા થયું છે,દોઢ લાખ લોકો સાજા થયાં છે,મૃત્યુ નું પ્રમાણ ખૂબ ઘટાડી શકાયુ છે.નિયમ પાલન એ જ ઈલાજ ના મંત્રને ગુજરાતના લોકો અનુસરી રહ્યાં છે.નવરાત્રિમાં રાસ ગરબા ન યોજવાના નિર્ણય ને લોકોએ ટેકો આપ્યો છે. કોરોના ની રસી ના મળે ત્યાં સુધી સામાજિક દૂરી પાળવી અને માસ્ક પહેરવું જેવા નિયમોનું પાલન એ જ એકમાત્ર ઈલાજ છે એની તેમણે યાદ અપાવી હતી. વિજયા દશમી નું પર્વ એ આસુરી શક્તિ પર દૈવી શક્તિ ના વિજયનું પર્વ છે એવા શબ્દો સાથે વિજયા દશમીની સહુને શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રીશ્રી એ ગાંધી,સરદાર,મોદીના ગુજરાતમાં અધ્યાત્મિક ચેતના વધે અને માતૃ શક્તિના સતત આશીર્વાદ ગુજરાતને મળે એવી અભ્યર્થના વ્યક્ત કરવાની સાથે તેમણે મોદીજી એ કંડારેલી કેડી પર અને વિકાસની રાજનીતિ ના આધારે સંવેદનશીલ રાજ્ય સરકાર સતત રાજયને આગળ લઈ જશે એવો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સંસ્થાના પ્રમુખ સેવક ગગજીભાઈ સુતરીયા એ મિશન ૨૦૨૬ હેઠળ સરદાર ધામ સંસ્થા દ્વારા હાથ ધરાનાર સમાજ વિકાસના આયોજનો ની રૂપરેખા આપી હતી.અને જમીન કપાતના તેમજ એફ.એસ.આઈ.ના નિયમો માં રાહત દ્વારા સંસ્થાને પીઠબળ આપવા માટે મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય સરકારનો આભાર માન્યો હતો. આ પ્રસંગે સાંસદ રંજનબેન ભટ્ટ,મેયર ડો.જિગીષા બહેન શેઠ,ધારાસભ્ય શૈલેષભાઈ,પદ્મશ્રી મથુરભાઈ સવાણી,રામજીભાઈ ઈટાલિયા, નટુભાઈ પટેલ,રમેશભાઈ પટેલ અને પારુલભાઈ કાકડિયા સહિત જમીન દાતાઓ,સંસ્થાના સી.ઈ.ઓ.એચ.એસ.પટેલ,સ્થાપક ટ્રસ્ટીઓ,મહિલા પદાધિકારીઓ અને સરદાર ધામ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

# વિજયાદશમી નિમિતે અરવલ્લી પોલીસે શસ્ત્રો પૂજન અને રન ફોર યુનિટી માં શહેર ના લોકો પણ જોડાયા અને દોડ માં ભાગ લીધો











કમલમ દૈનિક, અરવલ્લી

પોલીસ શહીદ નિમિત્તે અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા વિવિધ કાર્યક્રમો પૈકી રન ફોર યુનિટી નું આયોજન કરવામાં આવ્યું હતું.મોડાસા ખાતે યોજાયેલી રન ફોર યુનિટીમાં જિલ્લા પોલીસના જવાનો તેમજ શહેરીજનો જોડાયા હતા મેરેથોનને સાંઇ મંદિરથી જિલ્લા પૉલિસ વડા સંજય ખરાતે ફ્લેગ ઑફ કરીને દોડની શરૂઆત કરાવી હતી. સાંઇ મંદિરથી શરૂ થયેલી દોડની જે.બી.શાહ સ્કૂલમાં પૂર્ણ થઇ હતી.એસપી સંજય ખરાતે જણાવ્યું હતું કે, હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લોકોની અને પોલીસ અધિકારીઓ અને જવાનની તંદુરસ્તી જળવાઈ રહે તે હેતુથી રન ફૉર યુનિટી યોજવામાં આવી હતી.પોલીસ શહીદ દિન ઉજવણીના ભાગરૂપે રન ફૉર યુનિટીનું આયોજન જિલ્લા પૉલિસ દ્વારા કરાયું હતું. અરવલ્લી પોલીસ ભવન ખાતે દશેરાના દિવસે પોલીસ દ્વારા શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એસપી સંજય ખરાત અને પોલીસ અધિકારીઓની હાજરીમાં શસ્ત્રોની સાથે વાહનોની પૂજા કરવામાં આવી હતી વિજયાદશમી નિમિત્તે ભરૂચ જીલ્લા પોલીસ ભવન ખાતે દશેરાના દિવસે શસ્ત્ર પૂજાનો કાર્યક્રમ યોજાયો હતો. ભગવાન રામચંદ્રજીએ આસૂરી શક્તિ ધરાવતા રાવણને હણીને વિજય પ્રાપ્ત કર્યો હતો. તે દિવસને ભારતમાં વિજયદશમી એટલેકે દશેરા તરીકે ઉજવવામાં આવે છે. અરવલ્લી પોલીસ ભવન ખાતે પ્રતિવર્ષ શસ્ત્ર પૂજન કરાય છે. એસપી સંજય ખરાતની હાજરીમાં પોલીસ વિભાગના શસ્ત્રોની શાસ્ત્રોકત વિધિથી પૂજા અર્ચના કરવામાં આવી હતી.પોલીસવડા સંજય ખરાતે જણાવ્યું હતું કે, શસ્ત્રો થકી સમાજની સુરક્ષા અને સેવા કરવાની શકિત મળી છે અને આજના દશેરાના પાવન અવસરે શસ્ત્રોની પૂજા કરી ધન્યતા અનુભવ કરી રહયો છું

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028